

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 041
Dt.: 19-10-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ઓપરેશન સિંદૂર માત્ર એક ટ્રેલર હતું, પરંતુ તેણે સમગ્ર વિશ્વને સંદેશ આપ્યો કે ભારત તેના દુશ્મનોને કાબૂમાં રાખવાની ક્ષમતા ધરાવે છે

## પાકિસ્તાનની એક-એક ઈંચ જમીન હવે બ્રહ્મોસ મિસાઈલની રેન્જમાં: રાજનાથ સિંહની શાહબાઝને ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ઉત્તર પ્રદેશના લખનઉમાં બ્રહ્મોસ એરોસ્પેસ યુનિટ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં મોટું નિવેદન આપ્યું હતું. તેમણે સ્પષ્ટતા કરી હતી કે 'ઓપરેશન સિંદૂર'એ સમગ્ર વિશ્વ સમક્ષ ભારતની તાકાત અને આત્મનિર્ભરતા સાબિત કરી દીધી છે. સાથે જ તેમણે જણાવ્યું હતું કે, 'પાકિસ્તાની પ્રદેશનો એક-એક ઈંચ હવે બ્રહ્મોસ મિસાઈલની પહોંચમાં છે.' સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, 'ઓપરેશન સિંદૂર માત્ર એક ટ્રેલર હતું, પરંતુ તેણે સમગ્ર વિશ્વને સંદેશ આપ્યો કે ભારત તેના દુશ્મનોને કાબૂમાં રાખવાની ક્ષમતા ધરાવે છે. બ્રહ્મોસ મિસાઈલ હવે માત્ર એક હથિયાર નથી, પરંતુ ભારતની સ્વદેશી ક્ષમતાઓ અને તકનીકી કૌશલ્યનું પ્રતીક છે.' આ ઉપરાંત તેમણે સુપરસોનિક મિસાઈલની ગતિ, ચોકસાઈ અને શક્તિને વિશ્વની શ્રેષ્ઠ પ્રણાલીઓમાંની એક ગણાવી અને તેને સેના, નૌકાદળ અને



વાયુસેનાનો આધારસ્તંભ ગણાવ્યો. લખનઉમાં બ્રહ્મોસ મિસાઈલ યુનિટની સ્થાપનાને લઈને રાજનાથ સિંહે કહ્યું હતું કે, 'લખનઉ હવે ફક્ત સંસ્કૃતિનું શહેર નથી, પરંતુ ટેકનોલોજી અને ઉદ્યોગનું કેન્દ્ર બની ગયું છે. આધુનિક સુવિધાનું ઉદ્ઘાટન ૧૧મી મે ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું, અને માત્ર પાંચ મહિનામાં, બ્રહ્મોસ મિસાઈલોની પ્રથમ બેચ લખનઉથી પહોંચાડવામાં આવી રહી છે. આ યુનિટ વાર્ષિક આશરે ૧૦૦ મિસાઈલ સિસ્ટમ્સનું ઉત્પાદન કરશે, જે આર્મી, નેવી અને એરફોર્સ માટે ઉપલબ્ધ રહેશે. આ યુનિટ આશરે ૨૦૦ એકર વિસ્તારમાં ૩૮૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે અને તે સેંકડો લોકોને રોજગાર પણ પ્રદાન કરશે.' રાજનાથ સિંહે યુનિટના ઈજનેરો, ટેકનિશિયનો અને સ્ટાફને આ વિશ્વાસ જાળવી રાખવાની પ્રાથમિક જવાબદારી સોંપી છે. તેમણે સ્પષ્ટતા કરી કે, 'બ્રહ્મોસ ફક્ત સશસ્ત્ર દળોની તાકાતનું પ્રતીક સહિત, તે સંદેશ પણ આપે છે કે ઉત્તર પ્રદેશ અને ભારત કોઈપણ આંતરિક કે બાહ્ય પડકારનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.'

## દિલ્હી જતી ગરીબ રથ ટ્રેનમાં આગ લાગતા અફરાતફરી

(સંપૂર્ણ સમાચાર સેવા)પંજાબ

પંજાબમાં લુધિયાણાથી દિલ્હી જતી અમૃતસર-સહરસા ગરીબ રથ પેસેન્જર ટ્રેન (નંબર - ૧૨૨૦૪)ના બોગી નંબર ૧૯માં સરહિંદ સ્ટેશન ક્રોસ થતાં જ આગ લાગવાની ઘટના બની. ધુમાડો નીકળતા મુસાફરોમાં ગભરાટ ફેલાયો અને અફરાતફરી મચી ગઈ. ટ્રેનના કોચમાં સવાર વેપારીઓએ ચેઈન ખેંચીને ટ્રેનને રોકાવી. પાઈલટે તરત જ બધા મુસાફરોને ટ્રેનમાંથી ઉતારી દીધા અને રેલવે પોલીસને આગની જાણ કરી.

ખબર મળતાની સાથે જ રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, GRP, RPF, પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને સૌએ સાથે મળીને આગ પર કાબૂ મેળવ્યો. તમામ મુસાફરો સુરક્ષિત છે અને આગ નિયંત્રણમાં છે. પ્રાથમિક તપાસમાં આગનું કારણ શોર્ટ સર્કિટ જણાવાયું છે, તેમ છતાં રેલવે એન્જિનિયર્સની ટીમ ચોક્કસ કારણોની તપાસ કરી રહી છે. ઉતાવળમાં ઉતરતી વખતે ઈજાગ્રસ્ત થયેલા કેટલાક મુસાફરોને પ્રાથમિક સારવાર અપાઈ છે; હાલમાં મુસાફરો ટ્રેક પર સામાન સાથે ઊભા છે.મુસાફરોએ પોલીસને જણાવ્યું કે સવારે લગભગ ૭ વાગ્યે સરહિંદ સ્ટેશન ક્રોસ કર્યા બાદ કોચ નંબર-૧૯માંથી ધુમાડો નીકળતા તેમણે ચેઈન ખેંચી અને નીચે ઉતરવાનું શરૂ કર્યું. પાઈલટે આવીને કોચ ખાલી કરાવ્યું. આ દરમિયાન ધુમાડા સાથે આગની જ્વાળાઓ દેખાતા લોકોમાં અફરાતફરી મચી અને તેઓ બાળકો સાથે સામાન લઈને નીચે ઉતરી ગયા. આ હોબાળો જોઈને આસપાસના લોકો પણ મદદ માટે દોડી આવ્યા અને રાહત કાર્યમાં સહયોગ કર્યો.

રેલવેએ નિવેદન આપ્યું કે TTE અને પાઈલટે રેલવે કંટ્રોલ બોર્ડને જાણ કરતા બચાવ દળ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. અકસ્માતમાં ગંભીર ઈજાના સમાચાર નથી, જોકે ઉતાવળે ઉતરતા કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમને સારવાર આપવામાં આવી. ટ્રેન નંબર-૧૨૨૦૪ અમૃતસર-સહરસાના એક ડબ્બામાં પંજાબના સરહિંદ સ્ટેશન ક્રોસ કર્યા બાદ આગ લાગી હતી. મુસાફરોને હવે બીજી ટ્રેનમાં મોકલવામાં આવશે.

### CBI તપાસના આદેશની સત્તાનો ઉપયોગ સંયમપૂર્વક કરવા જણાવ્યું

## કોર્ટો રૂટિન કેસોમાં નિયમિત રીતે CBI તપાસનો આદેશ ના આપે: સુપ્રીમ કોર્ટ

### અલ્હાબાદ હાઈકોર્ટે ઉત્તર પ્રદેશ વિધાન પરિષદના કર્મચારીઓની ભરતી પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓ અંગે સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની કોર્ટ દ્વારા નિયમિત રીતે સીબીઆઈ તપાસનો આદેશ આપવો જોઈએ નહીં અને અદાલતોએ તેનો ઉપયોગ સંયમ તથા સાવધાનીપૂર્વક કરવો જોઈએ તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે. સર્વોચ્ચ અદાલતના જજ જસ્ટિસ જે કે મહેશ્વરી અને વિજય બિશ્નોઈની ખંડપીઠે અલ્હાબાદ હાઈકોર્ટનો એક આદેશ જેમાં સીબીઆઈ તપાસનો નિર્દેશ આપવામાં આવ્યો હતો તેને બાજુમાં રાખતા આ અવલોકન કર્યુ હતું.અલ્હાબાદ હાઈકોર્ટે ઉત્તર પ્રદેશ



વિધાન પરિષદના કર્મચારીઓની ભરતી પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓ અંગે સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ મામલે જણાવ્યું કે, સીબીઆઈ તપાસના નિર્દેશ માટેની સત્તાનો ઉપયોગ સંયમપૂર્વક, સાવધાનીપૂર્વક તથા અપવાદરૂપ પરિસ્થિતિમાં જ કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટે સતત ચેતવણી ઉચ્ચારી છે કે, સીબીઆઈ તપાસનો ઉપયોગ નિયમિત રીતે અથવા કોઈ પક્ષ રાજ્ય પોલીસ અંગે ચોક્કસ શંકાઓ વ્યક્ત કરે છે અથવા આત્મવિશ્વાસનો અભાવ ધરાવે તે માટે ના કરવો જોઈએ. બેન્ચના મતે સંલગ્ન કોર્ટ એ બાબતથી સંતુષ્ટ થવી જોઈએ કે રજૂ કરાયેલી સામગ્રી પરથી પ્રાથમિક દૃષ્ટિએ ગુનાનો સંકેત મળે છે અને નિષ્પક્ષ તથા ન્યાયી તપાસ સુનિશ્ચિત કરવા સીબીઆઈ તપાસ જરૂરી છે કે પછી મામલો વધુ જટિલ અથવા રાષ્ટ્રીય સ્તરે પ્રભાવ પાડનારો છે જેમાં સીબીઆઈની કુશળતા અનિવાર્ય જણાય છે.સુપ્રીમે વધુમાં ઉમેર્યુ કે, સીબીઆઈ તપાસ સોંપવાના આદેશને અંતિમ ઉપાય તરીકે રાખવો જોઈએ અને આ ત્યારે જ યોગ્ય હશેજ્યારે બંધારણીય કોર્ટને ખાતરી થાય છે કે તપાસ પ્રક્રિયાની અખંડિતતા સાથે ચેડા કરવામાં આવ્યા છે. કોર્ટોએ એ બાબતે સંયમ રાખવો જોઈએ કે, અપવાદરૂપ ના હોય તેવા કેસમાં સીબીઆઈ તપાસનો આદેશ આપીને કેન્દ્રિય એજન્સી પર બિનજરૂરી ભારણ ના વધે.

## ઓઈલ બાદ હવે રેયર અર્થમાં ભાગીદારી: ચીનના દબદબાને તોડવા માટે ભારત-રશિયાએ બનાવ્યો પ્લાન

(સંપૂર્ણ સમાચાર સેવા)યુએસ

યુએસના રાષ્ટ્રપતિ તરીકે સત્તામાં આવ્યા પછી ડોનાલ્ડ ટ્રમ્પે ઘણા નિર્ણયો લીધા છે જેની અસર ટ્રમ્પ વહીવટીતંત્ર પર પડી છે. આ દરમિયાન તેમણે ભારતને રશિયા પાસેથી તેલ ન ખરીદવાની સૂચના આપી, જે નિર્ણય સરકારે અવગણ્યો અને તેલ ખરીદવાનું ચાલુ રાખ્યું છે. ભારત હવે ચીન અને અમેરિકા બંને સાથે વ્યવહાર કરવાની યોજના બનાવી રહ્યું છે. ભારત અને રશિયા ચીનના રેયર અર્થની સમસ્યાનો ઉકેલ શોધવા માટે વાતચીત કરી રહ્યા છે. રશિયા પાસેથી તેલ ખરીદવા ઉપરાંત ભારત હવે ચીન પરની નિર્ભરતા ઘટાડવા માટે રેયર અર્થ અને મહત્વપૂર્ણ ખનિજો મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ચીનના તાજેતરના નિકાસ પ્રતિબંધો પછી આ પગલું લેવામાં આવ્યું છે, જે મુખ્ય ઉદ્યોગોને અસર કરી રહ્યું છે. ભારતીય કંપનીઓ અને સંશોધન સંસ્થાઓ રશિયન ટેકનોલોજીનું મૂલ્યાંકન કરી રહી છે અને નોર્નિકેલ અને રોસાટોમ જેવા રશિયન રાજ્ય માલિકીના દિગ્ગજો સાથે સહયોગની શોધ કરી રહી છે. એકંદરે, ભારત અને રશિયા રેયર અર્થ ક્ષેત્રમાં ચીનના એકાધિકારનો સામનો કરવા માટે એકબીજાને મદદ કરવા માટે મધ્યમ માર્ગ શોધવા માટે કામ કરી રહ્યા છે. રશિયાએ રેયર અર્થ પ્રક્રિયા તકનીકો વિકસાવી છે, જે હાલમાં પાયલોટ પ્રોજેક્ટ્સમાં પરીક્ષણ હેઠળ છે. મોસ્કો હવે ભારત સાથે સહયોગ કરીને આ તકનીકોને મોટાપાયે વ્યાપારી રીતે અમલમાં મૂકવામાં રસ ધરાવે છે. તાજેતરમાં ચીને એપ્રિલથી શરૂ કરીને તેના નિકાસ પ્રતિબંધોને કડક બનાવ્યા છે. આ પગલું યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના વેપાર તણાવ વચ્ચે આવ્યું છે. આ પ્રતિબંધોએ ભારત અને અન્ય દેશોમાં ઓટોમોબાઈલ્સ, ઊર્જા અને ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સ જેવા ઉદ્યોગોમાં ઉત્પાદનને અસર કરે છે. ભારત સરકારે લોહુમ અને મિડવેસ્ટ જેવી સ્થાનિક કંપનીઓને આ મહત્વપૂર્ણ ખનિજોમાં કુશળતા ધરાવતી રશિયન કંપનીઓ સાથે સહયોગ શોધવા કહ્યું છે. નોર્નિકેલ અને રોસાટોમ જેવી રશિયન રાજ્ય માલિકીની કંપનીઓ સંભવિત ભાગીદાર બની શકે છે. વધુમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક રિસર્ચ (CSIR), ઈન્ડિયન સ્કૂલ ઓફ માઈન્સ અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ મિનરલ્સ એન્ડ મટિરિયલ્સ ટેકનોલોજી (ભુવનેશ્વર) જેવી સંસ્થાઓને રશિયન ટેકનોલોજીનું મૂલ્યાંકન કરવા માટે કહેવામાં આવ્યું છે.

## ચપટી વગાડતાં જ અફઘાનિસ્તાન અને પાકિસ્તાનનું યુદ્ધ અટકાવી શકું છુ: ટ્રમ્પનો મોટો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એકવાર ફરી ૮ યુદ્ધ રોકવાનો દાવો કર્યો અને કહ્યું કે, તેમને આ માટે નોબેલ પુરસ્કાર ન મળ્યો. ટ્રમ્પે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે શરૂ સંઘર્ષનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તેમના માટે આ યુદ્ધ અટકાવવું ખૂબ સરળ છે. ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે (૧૭ ઓક્ટોબર) યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી સાથે લંચ બાદ મીડિયા સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે ફરી એકવાર લાખો લોકોનો જીવ બચાવવાનો દાવો કર્યો અને આશ્વાસન આપ્યું કે, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ ખતમ કરવામાં સરળતા મળશે. ટ્રમ્પે કહ્યું કે, 'હું સમજું છું કે, પાકિસ્તાને હુમલો કર્યો છે અથવા અફઘાનિસ્તાનમાં હુમલા થઈ રહ્યા



છે. જો મારે આને રોકવું હોય તો આ કામ મારા માટે સરળ છે. મને લોકોને મરતા રોકવાનું સારૂ લાગે છે. મેં લાખો લોકોનો જીવ બચાવ્યો છે અને મને લાગે છે કે, આ યુદ્ધ રોકવામાં મને સફળતા મળશે.' એટલું જ નહીં, ટ્રમ્પે ૮ યુદ્ધ ખતમ કરવાનો દાવો કરતા નોબેલ પુરસ્કાર ન મળવાની નિરાશા પણ વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, 'તમે જાણો છો કે, મેં ૮ યુદ્ધ ખતમ કરાવ્યા છે. દરેક વખતે એક યુદ્ધ ખતમ કરવા જાવ તો હું પાછળના ભૂલી જાવ છું. દરેક વખતે જ્યારે હું યુદ્ધ રોકાવું છું તો તેઓ કહે છે કે, આગળનું યુદ્ધ ખતમ કરવા પર નોબેલ મળશે. જોકે, હું આ બધું નોબેલ માટે નથી કરી રહ્યો. મને નોબેલ ન મળ્યો, કોઈક બીજાને મળ્યો. તે ખૂબ સારા મહિલા છે. મને નથી ખબર તે કોણ છે, પરંતુ તે ખૂબ ઉદાર હતા તેથી મને આ બધી વાતોની પરવાહ નથી. મને બસ લોકોનો જીવ બચાવવાની ચિંતા છે.'

## PM સ્ટાર્મરની વિચારણાં: બ્રિટન કરશે ભારતની નકલ! આધાર કાર્ડની જેમ બ્રિટ કાર્ડ બનાવાશે

### દેશની નવી ડિજિટલ ઓળખ યોજના, બ્રિટકાર્ડ માટેના મોડેલ તરીકે તેનો ઉપયોગ કરવાની યોજના બનાવવાનું વિચારી રહ્યા છીએ'

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

બ્રિટન વડાપ્રધાન કીર સ્ટાર્મરે તાજેતરમાં મુંબઈની મુલાકાત દરમિયાન તેમણે ભારતની આધાર સિસ્ટમની ખૂબ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'હું આ સિસ્ટમ જોઈને ખૂબ પ્રભાવિત થયો છું અને અમારા દેશની નવી ડિજિટલ ઓળખ યોજના, બ્રિટકાર્ડ માટેના મોડેલ તરીકે તેનો ઉપયોગ કરવાની યોજના બનાવવાનું વિચારી રહ્યા છીએ.' આધાર એક ડિજિટલ ID નંબર છે, જે દરેક ભારતીય નાગરિકને મળે છે. તેમાં નાગરિકની માહિતી, ફિંગરપ્રિન્ટ્સ અને આઈરિસ સ્કેન જેવા બાયોમેટ્રિક ડેટા જોડાયેલા છે. આ સરકારને ખાતરી કરવામાં મદદ કરે છે, કે સરકારી લાભો યોગ્ય લોકો સુધી પહોંચે અને છેતરપિંડી ઓછી થાય.બ્રિટનની યોજના કંઈક અલગ છે. તેમનો ધ્યેય ગેરકાયદેસર કામદારોને રોકવાનો છે જેથી યોગ્ય લોકોને જ સરકારી સેવાઓનો લાભ મળી શકે. જો કે, ત્યાંના રહેવાસીઓ તેમની ગોપનીયતા વિશે પણ ચિંતા છે અને વધુ પડતી સરકારી દેખરેખ ઈચ્છતા નથી. કીર સ્ટાર્મરની મુંબઈ યાત્રા દરમિયાન તેમણે આધારના મુખ્ય શિલ્પી, ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નીલેકણી સાથે પણ મુલાકાત કરી હતી.. બંનેએ ભારતના અનુભવોના આધારે બ્રિટનમાં એક મજબૂત અને સુરક્ષિત ડિજિટલ ID સિસ્ટમ બનાવવાની ચર્ચા કરી હતી. નોંધનીય છે કે, આધારે ભારતમાં ઘણા સરકારી કાર્યોને સરળ બનાવ્યા છે, પરંતુ તેનાથી ગોપનીયતાની ચિંતાઓ પણ વધી છે. બ્રિટિશ સરકારના પ્રવક્તાએ મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું હતું, બ્રિટન તેની સિસ્ટમમાં બાયોમેટ્રિક ડેટાનો સમાવેશ નહીં કરે અને ડેટા સુરક્ષા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે.

## ઢાકામાં હજરત શાહજલાલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ભીષણ આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)બાંગ્લાદેશ

શનિવારે બપોરે હઝરત શાહજલાલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ભીષણ આગ લાગી હતી. જેના કારણે બધી ફ્લાઈટ્સ અસ્થાયી રૂપે બંધ થઈ ગઈ હતી. આ ઘટના કાર્ગો ટર્મિનલ પર લગભગ ૨:૧૫ વાગ્યે બની હતી.



બાંગ્લાદેશ એરલાઈન્સના પ્રવક્તા કૌસર મહમૂદે જણાવ્યું હતું કે આગ લાગતા જ એરપોર્ટના ફાયર બ્રિગેડ, એરફોર્સના ફાયર યુનિટ અને અન્ય એજન્સીઓની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લેવા માટે સંયુક્ત પ્રયાસો શરૂ કર્યા હતા. હાલમાં આગને કાબુમાં લેવાના પ્રયાસો ચાલુ છેઅને બધી ફ્લાઈટ્સ રોકી દેવામાં આવી છે. અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી.

૧૮ ઓક્ટોબર, આજે બપોરે ઢાકાના હઝરત શાહજલાલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના કાર્ગો વિસ્તારમાં આગ લાગી હતી. અચાનક લાગેલી આગને કારણે એરપોર્ટની કામગીરી ખોરવાઈ ગઈ હતી. માહિતી મળતાં જ, ફાયર સર્વિસે ૩૬ યુનિટ ઘટનાસ્થળે રવાના કર્યા હતા અને એરપોર્ટ અધિકારીઓએ ફ્લાઈટ કામગીરીને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી હતી. આગને કારણે ઘણી આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ફ્લાઈટ્સ મોડી પડી હતી અથવા ડાયવર્ટ કરવામાં આવી હતી.

આગને કારણે ઘણી ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ હતી, જેમાં ઢાકાથી કુઆલાલંપુર જતી બાટિક એર OD-૧૬૩ અને ઢાકાથી મુંબઈ જતી ઈન્ડિગો ૬E-૧૧૧૬નો સમાવેશ થાય છે, જે ટેક્સીવે પર ફસાઈ ગઈ હતી.

શારજાહથી ઢાકા જતી એર અરેબિયાની ફ્લાઈટ પણ ચટગાંવમાં ઉતરી. હોંગકોંગથી ઢાકા જતી કેથે પેસિફિક એરલાઈન્સની ફ્લાઈટ લેન્ડિંગ નિષ્ફળ જતાં આકાશમાં ચક્કર લગાવી.સૈદપુરથી ઢાકા જતી બાંગ્લાદેશ એરલાઈન્સની ફ્લાઈટને ડાયવર્ટ કરીને ચટગાંવમાં ઉતારી દેવામાં આવી. ચટગાંવથી ઢાકા જતી યુએસ-બાંગ્લા એરલાઈન્સની ફ્લાઈટ ટેકઓફ પછી ચટગાંવ પાછી ફરી.




# તંત્રી લેખ......

## પાકિસ્તાન અને તાલિબાન વચ્ચે ઊકળતો ચરૂ

તાલિબાન અને અફઘાનિસ્તાનને પોતાના તાબાના માનતા પાકિસ્તાનને છેલ્લા થોડા દિવસથી લોહિયાળ વાસ્તવિક્તાનો અનુભવ થઈ રહ્યો છે. અફઘાનિસ્તાન સાથેની સરહદોએ પાકિસ્તાનને ગંભીર સંઘર્ષની સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. બંને દેશ વચ્ચે સરહદ પર સંખ્યાબંધ સ્થળોએ સશત્ર સંઘર્ષ ચાલી રહ્યો છે. તાલિબાને ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં સત્તા સંભાળી ત્યારથી અને તે પહેલાંથી પાકિસ્તાને તેને સમર્થન આપ્યું હતું, પણ આ સમર્થનના બદલામાં પાકિસ્તાની લશ્કર અને સરકારના માલિકપણાની લાગણી વધતાં તાલિબાને વલણમાં ફેરફાર કરવો શરૂ કર્યો હતો. હાલત એવી છે કે, હવે પાકિસ્તાનની અંદર થઈ રહેલા આતંકી હુમલામાં તહેરિકે તાલિબાન પાકિસ્તાન (ટીટીપી)ની જવાબદારી છતી થઈ રહી છે. ટીટીપીને અફઘાનિસ્તાનમાં આશ્રય મળતો હોવાના આરોપ સાથે પાકિસ્તાને આક્રમક વલણ લેવું શરૂ કર્યું છે.અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમિર ખાન મુતકીના ભારત પ્રવાસ દરમ્યાન આ તંગદિલી વધી હોવાની બાબત ઊડીને આંખે વળગી રહી છે. આમ તો તાલિબાન સાથે આરંભના સારા સમયને બાદ કરતા પાકિસ્તાનના અફઘાનિસ્તાન સાથેના સંબંધો હંમેશાં તંગ રહ્યા છે. પાકિસ્તાનની રચના સાથે જ બંને દેશ વચ્ચે સરહદો પર અથડામણો ચાલુ થઈ ગઈ હતી. બંને દેશ વચ્ચે વિવાદનું એક મુખ્ય કારણ બ્રિટિશ શાસનકાળમાં ખેંચાયેલી દુરાંદ રેખા રહી છે.

પાકિસ્તાન આ રેખાને સરહદ તરીકે માન્ય ગણે છે, જ્યારે અફઘાનિસ્તાન તેને સ્વીકારતું નથી. હવે અફઘાનિસ્તાન પોતાની સરહદોમાં ઘૂસણખોરી કરતું હોવાનો પાકિસ્તાનનો આરોપ છે. હવે આ આરોપ વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી ચૂક્યા છે. અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તા પર આવ્યા બાદથી ટીટીપીએ તેની આતંકી પ્રવૃત્તિ વધારી હોવાનો આરોપ પાકિસ્તાન મૂકી રહ્યાંઅ છે. સામા પક્ષે અફઘાન સત્તાવાળાઓ પાકિસ્તાનના આરોપોને નકારવાની સાથોસાથ સરહદ પારથી વિનાકારણ હુમલા થઈ રહ્યા હોવાનો વળતો આરોપ મૂકી રહ્યા છે. આમ તો હાલની સ્થિતિ સંપૂર્ણ જંગથી હજી દૂર છે, પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં શાંતિની સફળતા પ્રસંગે પાકિસ્તાન અને તાલિબાન વચ્ચે તંગદિલ દૂર કરવાના પોતાનો ઈરાદો છતો કર્યો. દરમ્યાન, બંને દેશ વચ્ચે ૪૮ કલાકનો હંગામી યુદ્ધવિરામ લાગુ થયો છે. એ પહેલાં ટેલિવિઝનનાં દશ્યોમાં પાક સેનાની નાલેશી થતી જોવા મળી. હેવાલો મુજબ તાલિબાન ફોજે પાકિસ્તાનના શત્રો, ટેક્ર છીનવી લીધા અને વિજય રેલી કાઢી એ પછી પાકિસ્તાને કંધહાર- કાબુલ પર હવાઈ હુમલા કર્યા હતા. દરમ્યાન સાંજે કામચલાઉ સંધિ લાગુ થઈ છે. બંને પક્ષોએ એકબીજાને મોટું નુકસાન પહોંચાડયાના દાવા કર્યા છે. તાલિબાન કહે છે કે, પાકિસ્તાને યુદ્ધવિરામની અપીલ કરી હતી. તેના કેટલાય સૈનિકોને બંદીવાન બનાવી લેવાયા છે. શક્ય છે કે, અમેરિકા અને આરબ દેશોની દરમ્યાગીરીથી સંઘર્ષની સ્ફોટક સ્થિતિનો ઉકેલ આવી જશે, પણ હવે બંને દેશ વચ્ચે અગાઉ જેવા સંબંધો ફરી પ્રસ્થાપિત થાય એવી કોઈ શક્યતા જણાતી નથી. તેમની પ્રકૃતિને જોતાં હવે સંબંધોમાં ગમે ત્યારે વિસ્ફોટ થઈ શકે એવી સતત ભીતિ અનુભવાતી રહેશે. વળી અફઘાનિસ્તાન જે રીતે ભારત તરફ વળી રહ્યાંઅ છે, તે પાકિસ્તાનને કોઈ પણ રીતે ગળે ઊતરશે નહીં. આમ આવનારો સમય પાકિસ્તાનના ધૈર્યની કસોટી સમાન બની રહેશે.

### એક લાખ રોકડા અને ઘરેણાં લઈ ફરાર

## વડોદરાની લુંટેરી દુલ્હને ખંભાતના એક યુવકને શિકાર બનાવ્યો

### લગ્ન કરવાનું કહી યુવક પાસેથી રૂપિયા એક લાખ અને સોના ચાંદીના દાગીના દુલ્હન અને તેની માતાએ પડાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

આણંદ જિલ્લાના ખંભાત ખાતે રહેતા યુવકને લગ્ન કરવાનું કહીને તેની પાસેથી વડોદરાના આજવા રોડ પર રહેતી યુવતી અને તેની માતાએ રોકડા રૂપિયા એક લાખ રોકડા, સોનાની જડ, ચાંદીનું મંગળસૂત્ર, કપડા સહિતનો સામાન લીધો હતો. ત્યારબાદ માંડવી ખાતે માતાના ફુલહાર લેવા વરરાજાને મોકલી યુવતી અને તેની માતા રીક્ષામાં બેસી ફરાર થઈ ગયાં હતા.

યુવકે બાપોદ પોલીસ સ્ટેશનમાં લુંટેરી દુલ્હન અને તેની માતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર આણંદ જિલ્લાના ખંભાતમાં રહેતા રાજવીર ઉર્ફે રાજુ રમણભાઈ રાઠોડ લગ્ન થયા ન હોય લગ્ન કરવા કન્યાની શોધમાં હતો. દરમિયાન યુવકની ભાણેજ જીતેન્દ્ર કિરીટભાઈ વણકરની પત્ની પારૂલબેને તેઓના ઓળખીતા મીનાબેન મરાઠી (રહે.બાજવા બ્રિજની બાજુમાં વડોદરા)ને લગ્ન માટેની વાત કરી હતી. જેથી મીનાબેન મરાઠીએ યુવકનો મોબાઈલ નંબર મનુભાઈ ભુવાજીને આપ્યો હતો. ૪ સપ્ટેમ્બરના સવાર ભાણેજ વહુ પારૂલબેને ફોન કરી મામા આપણે વડોદરા છોકરી જોવા જવાનું છે તમે આવી જાઓ. જેથી યુવક બાજવા પહોચી મીનાબેન મરાઠીને લઈને નીકળ્યાં હતા. ત્યારે મીનાબેને આજવા ચોકડી આવી મનુભાઈ ભુવાજીને ફોન કરતા તેઓએ કમલાનગર તળાવ પાસે આવેલ ચાચા નહેરૂ નગરમાં પુજા નામની છોકરી બતાવી હતી. જે છોકરીની માતા મીનાબેન અપંગ છે. યુવક અને પુજાએ એકબીજાના મોબાઈલ નંબર આપ-લે કર્યા હતા. છોકરી જોઈ ઘરની બહાર નીકળ્યાં ત્યારે મનુ ભુવાજીએ લગ્ન માટે લેવડ દેવડ કરવી પડશે. જેમાં રૂપિયા ૨ લાખ રોકડા તથા સોનાની જડ, ચાંદીનું મંગળસુત્ર, ચાંદીના છડા તથા દુલ્હનના કપડા આપવા પડશે તેમ જણાવ્યું હતું. ત્યારે યુવકે લેવડદેવડ વધારે છે. જેથી લગ્ન કરવુ નથી. બે દિવસ પછી પૂજાએ ફોન કરી વડોદરા આવો એક લાખ રૂપિયામાં નક્કી કરી દઈએ તેમ જણાવતા યુવક તેમના સંબંધીઓ સાથે યુવતીને ઘરે આવ્યો હતો. ત્યાં મીનાબેન તથા પુજાબેન મળતા તેમણે એક લાખ રૂપિયા રોકડા, સોનાની જડ, ચાંદીનું મંગલસુત્ર તથા ચાંદીના છડા તથા દુલ્હનના કપડા આપવાની અને ફુલહાર કરી પુજાબેનને લઈ જજો તેવી વાત નક્કી થઈ હતી.યુવક સહિતના પરિવારે મીનાબેનને એક લાખ રૂપિયા રોકડા, સોનાની જડ, ચાંદીનું મંગલસુત્ર, ચાંદીના છડા અને દુલ્હનના કપડા આપ્યા હતા. ત્યારે યુવતી અને તેની માતાએ માંડવી મેલડી માતાના મંદિરે મંગળસુત્ર પહેરાવવજો તેમ કહી યુવકને માંડવી લઈ ગઈ હતી. ત્યાં મીનાબેને માતાજીને ચડાવવા ફૂલ લઈ આવો તેમ કહેતા યુવક ફુલહાર લેવા ઉતર્યો હતો. માતા પુત્ર રિક્ષા લઈ ભાગી ગયા હતા. રિક્ષા ઉભી રાખવા યુવકે બુમો પાડી પરંતુ રિક્ષા ઉભી રાખી નહોતી. આમ લગ્ન કરવાનું કહી યુવતી અને તેની માતા એક લાખ રોકડા, સોનાની જડ, ચાંદીનું મંગલસૂત્ર તથા ચાંદીના છડા તથા દુલ્હનના કપડા લઈને ભાગી ગયા હતા. જેથી યુવકે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ લૂટેરી દુલ્હન સહિતની ગેંગને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

## એરપોર્ટના કાર્ગો ટર્મિનલ પરથી કર્મચારીએ ૧૬.૫૮ લાખની ચાંદીની પાટ ચોરી: એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ચાંદીના ભાવ સતત ઊંચે જઈ રહ્યા છે તેથી સોની બજારોમાં ચોરી અને છેતરપિંડીના કિસ્સા વધી રહ્યા છે. આવો જ એક કિસ્સો એરપોર્ટ કાર્ગો ટર્મિનલમાં નોંધાયો છે. અહીંથી ચાંદીની પાટ ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે. ચાંદીની ૨૫ પાટનું એક પાર્સલ દિલ્હી મોકલવામાં આવ્યુ હતું. જોકે, ત્યાં તપાસ દરમિયાન એક પાટ ગાયબ હતી. તેથી આ બાબતે તપાસ કરાતા સીસીટીવીમાં એક શખ્સે ચોરી કરી હોવાનો ખુલાસો થયો હતો. એરપોર્ટ પોલીસે તપાસ હાથ ધરતા એક કર્મચારીએ જ પાટ ચોરી હોવાનું જણાયું છે. એરપોર્ટ પર એર ઈન્ડિયામાં સિનિયર એસોસિયેટ કાર્ગો ઓપરેશનમાં નોકરી કરતા જ્હોન મુરીંગાતેરીએ કૌશિક રાવલ નામના શખ્સ સામે એરપોર્ટ પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગઈ તા.૧૧મીએ જ્હોન મુરીંગાતેરી ફરજ પર હતા ત્યારે દિલ્હી એરપોર્ટ, એર ઈન્ડિયા તરફથી એક ઈ મેલ આવ્યો હતો. જેમાં અમદાવાદ દિલ્હીની ફ્લાઈટમાં અમદાવાદ એરપોર્ટથી મોકલવામાં આવેલી ૨૫ નંગ ચાંદીની પાટ ભરેલા પાર્સલમાંથી માત્ર ૨૪ નંગ ચાંદીની પાટ જ મળી હતી. જ્યારે એક ચાંદીની પાટ ગાયબ હતી. આ બાબતે તપાસનો હુકમ મળતા ત્યાં કામ કરતી કંપની સાથે મળીને ટીમ દ્વારા સઘન તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન અમદાવાદ અને દિલ્હીથી કોઈ નક્કર પરિણામ મળી આવ્યુ નહોતુ. બાદ એરપોર્ટના સીસીટીવી તપાસ કરતા કાર્ગોમાં સામાન લોડ કરતી વખતે ૨૪ નંગ સિલ્વર બાર જ લોડ થયુ હોવાનું જણાયું હતું. આમ, ૧૬.૫૮ લાખની ૧૦ કિલોની ચાંદીની પાટ ચોરી થયાનું ખૂલ્યું હતું. ડોમેસ્ટિક એરપોર્ટ પર કાર્ગો ટર્મિનલ ખાતેના બિલ્ટઅપ એરિયા ખાતે નોકરી કરતા કૌશિક રાવલે ચોરી કરી હોવાનો ખુલાસો થતાં મામલો પોલીસમથકે પહોંચ્યો હતો. એરપોર્ટ પોલીસે કૌશિક રાવલ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## નર્મદા કેનાલમાં ડૂબી જવાથી ૨ બાળકનો મોત, પાણી પીવા જતાં બની દુર્ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)થરાદ

થરાદમાં નર્મદા કેનાલમાં ડૂબી જવાથી બે બાળકોનો મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. પાણી પીવા જતાં બાળકો કેનાલના ઊંડા પાણીમાં ડૂબ્યા હતા. સમગ્ર ઘટનાને લઈને સ્થાનિકોએ જાણ કરતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મૃતક બાળકોના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. થરાદના આજાવાડા ગામ નજીક બે બાળકો નર્મદા કેનાલમાં પાણી પીવા કિનારે ગયા હતા. આ દરમિયાન પગ લપસતાં બાળકો કેનાલમાં ડૂબ્યા હતા. કેનાલમાં પાણીનો પ્રવાહ વધારે હોવાથી બાળકો પાણીમાં તણાયા હતા. ઘટનાને લઈને સ્થાનિકો અને પોલીસ દ્વારા શોધખોળ કરીને બંને બાળકોના મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

### રાજ્યપાલ મુખ્ય અતિથિ, ૧૪૦૦૦ વિદ્યાર્થીઓને ડિગ્રી મળશે

## MSUનો પદવીદાન સમારોહ તા.૮ નવેમ્બરે યોજાશે

### ૧૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાશે અને તેજસ્વી વિદ્યાર્થીઓને ૨૭૦ કરતા વધારે ગોલ્ડ મેડલ આપવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

એમ.એસ.યુનિવર્સિટીનો ૭૩મો પદવીદાન સમારોહ ઉઘડતા વેકેશને તા.૮ નવેમ્બરે યોજવામાં આવશે.જેમાં ૧૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાશે અને તેજસ્વી વિદ્યાર્થીઓને ૨૭૦ કરતા વધારે ગોલ્ડ મેડલ આપવામાં આવશે.આજે પત્રકારો સાથે વાતચીતમાં વાઈસ ચાન્સેલર પ્રો.ભણગે તેમજ રજિસ્ટ્રાર ડો.ચૂડાસમાએ કહ્યું હતું કે, પદવીદાન સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે અને દીક્ષાંત પ્રવચન આપશે.

યુનિવર્સિટી દ્વારા પદવીદાન સમારોહ માટેનું આયોજન પહેલેથી જ થઈ ગયું છે.તમામ તૈયારીઓ પણ થઈ ગઈ છે.ડિગ્રી સર્ટિફિકેટ પણ છપાવીને તૈયાર કરી દેવાયા છે. એટલે ઉઘડતા વેકેશને સમારોહ યોજવામાં વાંધો નહીં આવે. ઉલ્લેખનીય છે કે, તા.૬ નવેમ્બરે વેકેશન પૂરુ થવા જઈ રહ્યું છે. પદવીદાન સમારોહ આમ તો તા.૫ સપ્ટેમ્બરે યોજાવાનો હતો. જોકે આ દરમિયાન જ નવા વાઈસ ચાન્સેલરના નામની જાહેરાત થતા સત્તાધીશોને પદવીદાન સમારોહ પાછો ઠેલવો પડયો હતો. જોકે હવે વિદ્યાર્થીઓને ડિગ્રી મેળવવા માટે વધારે રાહ જોવી નહીં પડે. પદવીદાન સમારોહ બાદ દર વર્ષની જેમ આ વર્ષે પણ જે તે ફેકલ્ટીમા વિદ્યાર્થીઓને ડિગ્રી વિતરણ કરવામાં આવશે.

તત્કાલિન વાઈસ ચાન્સેલર ડો.શ્રીવાસ્તવે પદવીદાન સમારોહ પૂર્વે ગોલ્ડ મેડલ મેળવનારા વિદ્યાર્થીઓનું સન્માન કરવાની ૧૦ વર્ષ કરતા વધારે સમયથી ચાલી આવતી પરંપરા બંધ કરી દીધી હતી. આ માટે તેમણે કોઈ નક્કર કારણ પણ આપ્યું નહોતુ.

આ બદલ ડો.શ્રીવાસ્તવ પર માછલા પણ ધોવાયા હતા. જોકે ડો.શ્રીવાસ્તવની વિદાય બાદ હવે નવા વાઈસ ચાન્સેલર પ્રો.ભણગે આ પ્રથા આગળ ધપાવે તેવી શક્યતા છે. રજિસ્ટ્રાર ડો.ચૂડાસમાએ કહ્યું હતું કે, આ વર્ષે વી આર પ્રાઉડ ઓફ યુ શિર્ષક હેઠળ ગોલ્ડ મેડલ મેળળનારા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાશે.

## સુરત માં દારૂબંધીના ધજાગરા, પોલીસે દારૂની પાર્ટી કરતાં કુલ ૧૭ લોકોની કરી ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના વેસુ વિસ્તારમાં ફરી એકવાર દારૂબંધીના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થતું જોવા મળ્યું છે, જ્યાં પોલીસે એક દારૂની મહેફિલ પર દરોડો પાડીને કુલ ૧૭ લોકોને ઝડપી પાડ્યા છે. આ યુવાનો એકઠા થઈને જાહેરમાં દારૂની પાર્ટી કરી રહ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આ તમામ યુવાનો પહેલા ક્રિકેટ રમવા માટે એકઠા થયા હતા અને ત્યાર બાદ તેમણે દારૂની મહેફિલ ગોઠવી હતી. દારૂની પાર્ટીની ખાનગી બાતમી મળતાની સાથે જ વેસુ પોલીસની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને દરોડો પાડ્યો હતો અને તમામ ૧૭ વ્યક્તિઓને પકડી પાડ્યા હતા.

પોલીસને દારૂની મહેફિલમાંથી ઝડપાયેલા ૧૭ લોકોમાંથી ૪ નબીરાઓ નશાની હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે આ તમામને મેડિકલ ટેસ્ટ માટે મોકલી આપ્યા હતા, જેમાં ૪ વ્યક્તિઓએ દારૂનું સેવન કર્યું હોવાનું સ્પષ્ટ થયું હતું. ગુજરાતમાં કડક દારૂબંધી હોવા છતાં, યુવાનો દ્વારા આ પ્રકારે જાહેરમાં કે ખાનગી સ્થળે દારૂની પાર્ટીઓ કરવી એ કાયદાની ગંભીર અવગણના છે. પોલીસે સ્થળ પરથી દારૂની બોટલો અને અન્ય સામગ્રી પણ જપ્ત કરી છે. નશાની હાલતમાં મળી આવેલા લોકો સામે દારૂબંધીના કાયદા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.સમગ્ર મામલે વેસુ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આ પાર્ટીનું આયોજન કોના દ્વારા કરવામાં આવ્યું હતું. સુરતમાં અવારનવાર દારૂની મહેફિલો પકડાઈ રહી છે, જે શહેરના યુવાનોમાં વધતા જતા નશાના દૂષણને દર્શાવે છે. પોલીસે આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કડક અંકુશ લાવવા માટે સઘન પેટ્રોલિંગ અને બાતમીદારોનું નેટવર્ક મજબૂત બનાવવું જરૂરી છે, જેથી નશાના કારોબારને જડમૂળમાંથી દૂર કરી શકાય.

### ટ્રમ્પના આદેશથી વાહન નિર્માતાઓને ૩.૭૫% ક્રેડિટ

## ડોનાલ્ડ ટ્રમ્પના નવા ટેરિફ, આયાત કરેલી ટ્રક અને તેના પાર્ટ્સ પર ૨૫% અને બસ સામે 10% ઝીંક્યો

### ટ્રમ્પના આદેશ અનુસાર, ૨૦૩૦ સુધીમાં અમેરિકામાં એસેમ્બલ કરાયેલા વાહનોના સૂચવેલા છૂટક મૂલ્યના ૩.૭૫% ક્રેડિટ અમેરિકન વાહન નિર્માતાઓને મળી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ દર થોડા દિવસમાં કોઈ નવા ટેરિફની જાહેરાત કરતાં રહે છે. જેના કારણે વિશ્વભરમાં વેપારમાં અસ્થિરતા આવી છે. ટ્રમ્પે હવે અમેરિકામાં આયાત થતી મધ્યમ અને ભારે ટ્રકો પર ૨૫% ટેરિફ અને આયાત કરાયેલી બસો પર ૧૦% ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરી છે. નવા ટેરિફ પહેલી નવેમ્બરથી લાગુ થશે.

ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મના માધ્યમથી ટ્રક પર ટેરિફની જાહેરાત કરી. તેમનો દાવો છે કે આ ટેરિફના કારણે અમેરિકામાં ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે, અમેરિકામાં જ ટ્રક બનાવતી કંપનીઓને સીધો લાભ મળશે. વિદેશી ડમ્પિંગથી બચી શકાશે તથા અમેરિકાના શ્રમિકોને પણ લાભ મળશે.

નોંધનીય છે કે અમેરિકામાં નાના વાહનોની આયાત પર ૧૫% ટેરિફ વસૂલવામાં આવે છે. જે માટે જાપાન અને યુરોપ સાથે ડીલ કરવામાં આવી છે. અધિકારીઓના મતે, આ ટેરિફ રાષ્ટ્રીય સુરક્ષાના આધારે લગાવવામાં આવી રહ્યા છે અને તેનો ઉદ્દેશ્ય વધુ ઓટો ઉત્પાદનને અમેરિકામાં સ્થાનાંતરિત કરવાનો છે. જોકે, આ નિર્ણય મેક્સિકો માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે, કારણ કે તે અમેરિકાને મધ્યમ અને ભારે ટ્રકોનો સૌથી મોટો નિકાસકાર દેશ છે. ટ્રમ્પના આદેશ અનુસાર, ૨૦૩૦ સુધીમાં અમેરિકામાં એસેમ્બલ કરાયેલા વાહનોના સૂચવેલા છૂટક મૂલ્યના ૩.૭૫% ક્રેડિટ અમેરિકન વાહન નિર્માતાઓને મળી શકે છે. આ ક્રેડિટ દ્વારા આયાત કરેલા પાર્ટ્સ પર લાગતા ટેરિફનો ખર્ચ ઘટાડવામાં મદદ મળશે. આ ઉપરાંત, અમેરિકન એન્જિન નિર્માણ અને અમેરિકન મધ્યમ તથા ભારે ટ્રક ઉત્પાદન માટે પણ ૩.૭૫% ક્રેડિટનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. નવા ટેરિફ હેઠળ કેટેગરી ૩થી કેટેગરી ૮ સુધીના તમામ ટ્રકનો સમાવેશ થાય છે. જેમાં મોટા પિક-અપ ટ્રક, મૂવિંગ ટ્રક, કાર્ગો ટ્રક, ડમ્પ ટ્રક અને ૧૮-વ્હીલર ટ્રેક્ટરનો સમાવેશ થાય છે. ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકન નિર્માતા કંપનીઓને અયોગ્ય વિદેશી સ્પર્ધાથી બચાવવાના હેતુથી આ પગલું લેવામાં આવ્યું છે.

અમેરિકન ચેમ્બર ઑફ કૉમર્સે ટ્રમ્પને ટ્રકો પર ટેરિફ ન લગાવવા વિનંતી કરી હતી, કારણ કે આયાતના મુખ્ય સ્રોત - મેક્સિકો, કેનેડા, જાપાન, જર્મની અને ફિનલેન્ડ - અમેરિકાના સહયોગી હોવાથી રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી નથી. આ નવો આદેશ GM, ફોર્ડ, ટોયોટા, હોન્ડા, ટેસ્લા સહિત અન્ય નિર્માતાઓને આયાતી ઓટો પાર્ટ્સ શુલ્કમાંથી નાણાકીય રાહત પણ આપે છે.

વાણિજ્ય વિભાગે જૂનમાં જણાવ્યું હતું કે આયાત શુલ્ક ઘટાડવા માટે એપ્રિલ ૨૦૨૬ સુધી પાત્ર અમેરિકન એસેમ્બલ્ડ વાહનોના મૂલ્યનો ૩.૭૫% ઑફસેટ (અને બીજા વર્ષે ૨.૫%) આપવાની યોજના છે.

## સુરતમાં હત્યાનો ચોંકાવનારો કિસ્સો: રાત્રે છરીના ઘા ઝીંકીને યુવકને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં વધતી જતી ગુનાખોરી હવે સામાન્ય લોકો માટે એક ચિંતાનો પ્રશ્ન બની છે. અહીંયા દિવસેને દિવસે ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે જેને લઈને લોકોની સુરક્ષા મુદ્દે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. ત્યારે વધુમાં ફરી શહેરના ડિંડોલી વિસ્તારમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ડિંડોલી વિસ્તારમાં મોડી રાત્રે એક હત્યાનો બનાવ બન્યો છે. જેને લઈને શહેરમાં ચકચાર મચી જવા પામી છે. સાથે જ લોકો નવાઈ પામી ગયા છે.

બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો શહેરના ડિંડોલી વિસ્તારમાં આવેલ મહાદેવ નગરમાં આ હત્યાનો બનાવ સામે આવ્યો છે. મોડી રાત્રિના સમયે વિશ્વકર્મા મંદિર નજીક અજાણ્યા શખ્સો દ્વારા છરીના ઘા મારીને યુવકની હત્યા કરવામાં આવી છે. જોકે તેની હત્યા શા માટે કરવામાં આવી તેના પાછળનું કારણ હજુ અકબંધ છે.

મૃતક યુવકનું નામ દિલીપ બિહારી હોવાનું સામે આવ્યું છે. હત્યા કર્યા બાદ આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. હત્યારાઓએ ઉપરાછાપરી છરીના ઘા ઝીંકીને યુવકને મોતને ઘાટ ઉતાર્યો હતો.

## સામંથા, તમન્ના અને રકુલપ્રીતના નામવાળી ફેક વોટર લિસ્ટ વાઈરલ થતાં કેસ નોંધાયા

### વાઈરસ વોટર યાદીમાં દર્શાવવામાં આવેલા નામ અને ફોટો ડૉક્ટર્ડ અને નકલી વોટર આઈડી સાથે છેડછાડ કરીને બનાવવામાં આવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ


સોશિયલ મીડિયા પર હૈદરાબાદની એક નકલી મતદાર યાદી સામે આવી છે, જેમાં ફેમસ એક્ટ્રેસ સામંથા રૂથ પ્રભુ, તમન્ના ભાટિયા અને રકુલ પ્રીત સિંહના નામ અને ફોટો સામેલ છે. ચૂંટણી પંચના અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે, વાઈરસ વોટર યાદીમાં દર્શાવવામાં આવેલા નામ અને ફોટો ડૉક્ટર્ડ અને નકલી વોટર આઈડી સાથે છેડછાડ કરીને બનાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ મધુરા નગર પોલીસે આ મામલે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

સહાયક ચૂંટણી નોંધણી અધિકારી સૈયદ યાહિયા કમાલ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ મુજબ, વાઈરલ પોસ્ટમાં ખોટો દાવો કરવામાં આવ્યો છે કે, એક્ટ્રેસ હૈદરાબાદમાં એક જ સરનામાં પર રજિસ્ટર્ડ મતદાર છે. આ સાથે તેમણે મતદાન ઓળખ પત્ર (IPIC) નંબર સાથે પણ છેડછાટ કરી હતી. આ સત્તાવાર ચૂંટણી માહિતીનો ઈરાદાપૂર્વક દુરૂપયોગ અને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ હોવાનું જણાય છે.

ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમક ૩૩૬(૪), ૩૫૩(૧)(C) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે પોસ્ટના સ્રોતથી જાણકારી મેળવી અને તેને પ્રસારિત કરનારની ઓળખ કરી તેને શોધવાનો પ્રયાસ શરૂ કરી દીધો છે. ગ્રેટર હૈદરાબાદ નગર પાલિકા (GHMC)એ પણ ચેતવણી આપી કે, પુષ્ટિ કર્યા વિના જાણકારી શેર કરવી અથવા ફોરવર્ડ કરવા પર કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે. અમુક લોકો ખોટી જાણકારી ફેલાવી રહ્યા છે અને દાવો કરી રહ્યા છે કે, ફિલ્મ કલાકારોને સુધારેલા ફોટોગ્રાફ્સ અને નકલી EPIC નંબરો સાથે મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. અધિકારીઓએ મતદારોને ચૂંટણી પંચના સત્તાવાર પ્લેટફોર્મ પરથી મળેલી ચકાસાયેલ માહિતી પર જ વિશ્વાસ કરવાની અપીલ કરી છે.




ગરવી ગુજરાત




એક શુભેચ્છક

### મૃતદેહ નદીના કાચા માર્ગે ફેંકી દઈ પુરાવા નાશ કરવાનો પ્રયાસ કરાયો

## અમરેલીમાં સિંહણનો ઈલેક્ટ્રિક શોક આપી શિકાર : બે ઝડપાયા

### વિસ્તારના સીસીટીવી ફૂટેજ અને અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચની મદદથી મોબાઈલ ટાવર ડમ્પ ડેટાની ચકાસણી કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના લીલીયા રેન્જમાં સિંહણના મોત મામલે વન વિભાગે બે આરોપીઓની ધરપકડ કરી છે. કણકોટ ગામ નજીક ગેરકાયદેસર રીતે ઈલેક્ટ્રિક શોક આપીને સિંહણનો શિકાર કરાયા હતો. ત્યારબાદ મૃતદેહને વાહનમાં ભરીને કાચા માર્ગે ફેંકી દઈ પુરાવા નાશ કરવાનો પ્રયાસ કરાયો હતો.બે દિવસ કણકોટ નજીક રેવન્યુમાંથી એક સિંહણનો મૃતદેહ મળ્યો હતો. વન વિભાગ દ્વારા પેનલ પીએમ કરાવતા મૃતદેહ પર ઈલેક્ટ્રિક શોકના નિશાન મળ્યા હતા, જેનાથી વન વિભાગ ચોંકી ઉઠ્યું હતું. શેત્રુંજી ડિવિઝનના ACF વિરલ ચાવડા અને RFO ગલાણી સહિતની ટીમોએ તાત્કાલિક તપાસ શરૂ કરી હતી.

સિંહણના મોત અને પુરાવા નષ્ટ કરવાના ગુનાની તપાસ માટે લીલીયા રેન્જની ૩૫ થી ૪૦ કર્મચારીઓની ટીમો કામે લાગી હતી. આ ટીમોએ ૬૦૦ થી વધુ રેવન્યુ સર્વે નંબરોમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું અને ખેતરોમાં ગેરકાયદેસર જીવંત ઈલેક્ટ્રિક શોર્ટની તપાસ કરી હતી.

વિસ્તારના સીસીટીવી ફૂટેજ અને અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચની મદદથી મોબાઈલ ટાવર ડમ્પ ડેટાની ચકાસણી કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન આંબા ગામના ૩૨ વર્ષીય જયરાજભાઈ રામકુભાઈ બોરીચા અને તેમના ભાગીયા ખેતમજૂર સરદારભાઈ કલ્યાણભાઈ બધેલની શંકાસ્પદ ભૂમિકા સામે આવી હતી.

પૂછપરછમાં બંને આરોપીઓએ કબૂલ્યું કે તેમણે પોતાના ખેતરની ફરતે ગેરકાયદેસર ઈલેક્ટ્રિક શોર્ટ મૂક્યો હતો, જેના કારણે સિંહણનું મોત થયું હતું.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### વિક્લી માર્કેટ રિપોર્ટ : સોના-ચાંદીના વાયદામાં આગઝરતી તેજી:

# સોનાના વાયદામાં રૂ.૯,૩૫૯ અને ચાંદીના વાયદામાં રૂ.૨૧,૩૩૯નો સાપ્તાહિક ધોરણે ઉછાળો: ક્રૂડ તેલમાં રૂ.૧નો મામૂલી સુધારો

**સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૬૪૬૬૧.૭૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૭૯૫૨૫૯.૦૯ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૯૦૫૭૧.૦૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૦૮૫૫ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૧૦થી ૧૬ ઓક્ટોબરના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૩૫૯૯૫૯.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૬૪૬૬૧.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૭૯૫૨૫૯.૦૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૩૦૮૫૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૧૧૮૫.૮૨ કરોડનું થયું હતું. સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૯૦૫૭૧.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૦૦૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૦૦૦૫ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૨૦૦૨૩ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૦૪૯૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૯૩૫૯ના ઉછાળા સાથે રૂ.૧૨૯૮૫૨ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૭૧૩૫ ઊછળી રૂ.૧૦૪૩૭૬ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯૧૯ની તેજી સાથે સપ્તાહના અંતે રૂ.૧૩૦૪૪ થયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો સપ્તાહના અંતે ૧૦ ગ્રામદીઠ રૂ.૮૮૬૬ના ઉછાળા સાથે રૂ.૧૨૮૭૩૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૦૬૮૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૨૯૪૯૯ અને નીચામાં રૂ.૧૧૮૭૩૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૦૩૦૦ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૮૯૭૪ની તેજી સાથે રૂ.૧૨૯૨૭૪ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૪૮૪૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૭૯૯૯ અને નીચામાં રૂ.૧૪૪૪૧૮ના મથાળે અથડાઈ, રૂ.૧૪૬૩૨૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૧૩૩૯ના જંગી ઉછાળા સાથે રૂ.૧૬૭૬૬૩ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૧૪૦૨ ઊછળી રૂ.૧૬૯૩૩૭ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૧૧૬૨ ઊછળી સપ્તાહના અંતે રૂ.૧૬૯૩૩૯ના ભાવે બંધ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૩૧૪૨૦.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓક્ટોબર વાયદો સપ્તાહના અંતે રૂ.૯.૪ ઘટી રૂ.૯૯૩.૮૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત ઓક્ટોબર વાયદો રૂ.૩.૦૫ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૯૧.૪ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો રૂ.૧.૩૫ ઘટી રૂ.૨૬૩.૪૫ના ભાવે સપ્તાહના અંતે બોલાયો હતો. સીસું ઓક્ટોબર વાયદો સપ્તાહના અંતે રૂ.૫.૬ ઘટી રૂ.૧૭૮ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૪૨૬૩૨.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૩૧૭૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૨૧૭ અને નીચામાં રૂ.૨૯૨૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૨૧૩ ઘટી રૂ.૨૯૬૦ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૨૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૪૪૬ અને નીચામાં રૂ.૫૦૩૮ના મથાળે અથડાઈ, રૂ.૫૨૩૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧ સુધરી રૂ.૫૨૩૯ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૫ વધી રૂ.૫૨૪૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ સપ્તાહના અંતે રૂ.૩૦.૭ ઘટી રૂ.૨૫૯.૯ના ભાવે બંધ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૩૦.૬ ઘટી રૂ.૨૬૦.૧ સપ્તાહના અંતે થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૩૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે ૩૦ પૈસા ઘટી રૂ.૯૩૨.૯ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૫૧૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮૩ વધી રૂ.૨૬૦૯ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૨૫૧૩૯.૨૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૬૫૪૩૧.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૨૫૪૭૬.૭૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૭૧૬.૮૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૪૩.૯૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૯૭૮.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૦૬.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૧૨૫૫૪.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૯૯૭૧.૬૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૩૧.૦૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૩.૧૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૫૪૭૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૬૬૭૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૯૦૪૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૮૭૩૨૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૯૩૬૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૪૦૧૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૬૯૫૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૧૯૯૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૮૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૦૩૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૦૦૫૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૮૫૪૦ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૩૦૯૩૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૭૬૦૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૨૬૬ પોઈન્ટ વધી ૩૦૮૫૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

### ગુજરાતની વધુ એક સિદ્ધિ:

# રાષ્ટ્રપતિ શ્રી દ્રોપદી મુર્મુના હસ્તે 'પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન' હેઠળ સમગ્ર દેશમાં 'બેસ્ટ પર્ફોર્મિંગ રાજય' તરીકે ગુજરાતને એવોર્ડ




કેન્દ્ર સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયના ઉપક્રમે નવી દિલ્હી ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રી દ્રોપદી મુર્મુના અધ્યક્ષસ્થાને ''આદિ કર્મયોગી અભિયાન અંગેની નેશનલ કોક્લેવ''નું આયોજન કરવામાં આવ્યુ હતું. રાષ્ટ્રપતિ શ્રી મુર્મુના હસ્તે 'પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન'-PM-JANMAN હેઠળ સમગ્ર દેશમાં 'બેસ્ટ પર્ફોર્મિંગ રાજય' તરીકે ગુજરાતને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ ગુજરાત સરકાર વતી આદિજાતિ વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી શાહ મીના હુશેને સ્વીકાર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આદિજાતિના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકારે વધુ એક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ગુજરાતમાં PM-JANMAN, ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અને આદિ કર્મયોગી અભિયાનનો સફળ અમલ કરવામાં આવી રહ્યો છે. આ અભિયાન હેઠળ સમાવિષ્ટ વહિવટી વિભાગોના સમન્વય અને અથાગ મહેનતના પરિણામે PM-JANMAN હેઠળ સમગ્ર દેશમાં બેસ્ટ પર્ફોર્મિંગ રાજય તરીકે ગુજરાત તેમજ વિવિધ જિલ્લાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

આ અભિયાન હેઠળ કેન્દ્ર સરકારે જિલ્લા કક્ષાની કામગીરી ધ્યાને રાખી PM-JANMAN હેઠળ બેસ્ટ પર્ફોર્મિંગ જિલ્લા તરીકે નવસારી જિલ્લાની પસંદગી કરી હતી. જેમાં રાષ્ટ્રપતિશ્રીના હસ્તે નવસારી જિલ્લા કલેકટરશ્રી દ્વારા એવોર્ડનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત 'આદિ કર્મયોગી અભિયાન' દરમિયાન વિશિષ્ટ કામગીરી માટે બેસ્ટ પર્ફોર્મિંગ જિલ્લા તરીકે વલસાડ જિલ્લાની પસંદગી બદલ રાષ્ટ્રપતિશ્રીના હસ્તે વલસાડ જિલ્લા કલેકટરશ્રી દ્વારા એવોર્ડ સ્વીકારવામાં આવ્યો હતો.

આ સાથે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં PM-JANMAN, ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અને આદિ કર્મયોગી અભિયાનના અમલમાં નોંધનીય કામગીરી બદલ તાપી, આદિ કર્મયોગી અભિયાન હેઠળ પસંદ કરેલ સુપર કોચ-સ્ટેટ માસ્ટર ટ્રેનર્સ તરીકે ગુજરાતના ટ્રાયબલ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટના ડાયરેક્ટર શ્રી સી.સી. ચૌધરી તેમજ શ્રી આકાશ ભલગામાને પ્રસંશનીય કામગીરી કરવા બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. જ્યારે બેસ્ટ પર્ફોર્મિંગ ITDAs તરીકે ગુજરાતના છોટા ઉદેપુર અને દાહોદ, ધરતી આબા અભિયાનમાં ટોપ પર્ફોર્મિંગ જિલ્લામાં ડાંગ અને દાહોદનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આદિ કર્મયોગી અભિયાનમાં દેશમાં ટોપ પર્ફોર્મિંગ જિલ્લા તરીકે વલસાડ, સુરત, ભરૂચ અને તાપીને એવોર્ડ આપવામાં આવ્યો છે.

નોંધનીય છે કે, નેશનલ કોક્લેવ દરમિયાન ભારત સરકાર દ્વારા આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે PM-JANMAN, ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અને આદિ કર્મયોગી અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. રાષ્ટ્રપતિશ્રી ઉપરાંત વિવિધ કેન્દ્રીય મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં આદિ કર્મયોગી અભિયાન અંગેની નેશનલ કોક્લેવ દરમિયાન આ અભિયાનના સફળ અમલ અંગે ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર રાજય અને જિલ્લાઓને બેસ્ટ પર્ફોમન્સ તરીકે રાષ્ટ્રપતિશ્રીના હસ્તે પ્રોત્સાહિત કરી એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

આ કોક્લેવમાં આદિ કર્મયોગી અભિયાન હેઠળ સમાવિષ્ટ રાજયોના અધિકારીશ્રીઓ, સ્ટેટ માસ્ટર ટ્રેનર, ડિસ્ટ્રીક માસ્ટર ટ્રેનર અને ગ્રામ્ય કક્ષાના આદિ કર્મયોગી સહયોગી અને સાથીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- જનક દેસાઈ

# સીબીએસઈ ધો. ૧૦ અને ૧૨ માંની પ્રેકટીકલ પરીક્ષાઓ ૬ નવેમ્બર થી શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર




સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન (સીબીએસઈ) એ ૨૦૨૫-૨૬ સત્ર માટે ધો. ૧૦ માં અને ૧૨ માં ધોરણની પ્રેકટીકલ પરીક્ષાઓ, પ્રોજેકટ વર્ક અને આંતરીક મુલ્યાંકનની તારીખો જાહેર કરી છે. સમયપત્રક અનુસાર શિયાળામાં ચાલતી શાળાઓમાં પ્રેકટીકલ પરીક્ષાઓ ૬ નવેમ્બર થી ૬ ડીસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાશે. આ પરીક્ષાઓ ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી તમામ સીબીએસઈ સલંગ્ન શાળાઓ, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને માં શરૂ થશે. ધો. ૧૦ માં અને ૧૨ માં ધોરણની થીયરી પરીક્ષાઓ ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ થી શરૂ થશે. સીબીએસઈએ બધી શાળાઓને વિદ્યાર્થીઓની અંતિમ યાદી સમયસર તૈયાર કરવા અને ખાત્રી કરવા સુચના આપી છે કે જે વિદ્યાર્થીઓના નામ ઓનલાઈન એલઓસી (ઉમેદવારોની યાદી) માં બોર્ડને સબમીટ કરવામાં આવ્યા નથી. તેમને કોઈપણ સંજોગોમાં પ્રેકટીકલ, પ્રોજેકટ અથવા આંતરીક મુલ્યાંકનમાં સામેલ કરવામાં ન આવે, બોર્ડે જણાવ્યુ છે કે ધો. ૧૦ ની આંતરીક પરીક્ષા ફકત એક જ વાર લેવામાં આવશે તેથી બધી શાળાઓએ નિર્ધારીત સમય મર્યાદામાં બધા વિદ્યાર્થીઓના ગુણ અપલોડ કરવા પડશે.

શાળાઓને સુચના આપવામાં આવી છે કે તેઓ બાહ્ય પરીક્ષકો અને નિરીક્ષકોની નિમણુંક કરવા માટે તેમના પ્રાદેશિક કાર્યાલયોનો સંપર્ક કરે અને ખાત્રી કરે કે તમામ મુલ્યાંકન કાર્ય સમયસર પુર્ણ થાય છે. મેનેજમેન્ટની સુવિધા માટે દરેક વિષય માટે ૩૦ વિદ્યાર્થીઓના બેચ બનાવવામાં આવશે. દરેક બેચ માટે પ્રેકટીકલ અથવા પ્રોજેકટ મુલ્યાંકન એક જ સત્રમાં પુર્ણ કરવામાં આવશે. જો વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય તો મુલ્યાંકન બે કે ત્રણ સત્રોમાં હાથ ધરવામાં આવી શકે છે. બોર્ડે સ્પષ્ટતા કરી છે કે બધા વિદ્યાર્થીઓ માટે પ્રેકટીકલ અથવા પ્રોજેકટ મુલ્યાંકન માટે તેમના નિર્ધારીત સમય અને તારીખે હાજર રહેવુ ફરજીયાત છે.

જો કોઈ વિદ્યાર્થી નિર્ધારીત તારીખે હાજર રહી શકતો નથી તો તેમની પરીક્ષા ફકત તે નિર્ધારીત સમય મર્યાદામાં જ ફરીથી ગોઠવી શકાય છે. નિર્ધારીત સમય મર્યાદા પછી લંબાવવાની અથવા ખાસ પરવાનગી માટેની વિનંતીઓ સ્વીકારવામાં આવશે નહી. શાળાઓએ ઓનલાઈન સિસ્ટમમાં પ્રેકટીકલ, પ્રોજેકટ અથવા આંતરીક મુલ્યાંકનમાં હાજર ન રહેનારા વિદ્યાર્થીઓને ગેરહાજર તરીકે ચિન્હીત કરવા આવશ્યક છે. જો કે જે વિદ્યાર્થીઓની પરીક્ષાઓ મંજુર સમય મર્યાદામાં બીજા દિવસે યોજાશે તેમના માટે ઈઈSCHED-ULED વિકલ્પ પસંદ કરવામાં આવશે. શાળાઓ ફકત તે વિદ્યાર્થીઓ માટે જ પરીક્ષાઓ ફરીથી યોજી શકશે. જેમની નોંધણી RESCHEDULED તરીકે થઈ છે અને આ પરીક્ષાઓ ફકત નિર્ધારીત સમય મર્યાદામાં જ યોજી શકાશે.

# મંત્રી મંડળ વિસ્તરણ થયાના ગણતરીના દિવસોમાં જ ભાજપ મહિલા ધારાસભ્યએ સરકાર સામે બાંયો ચડાવી: રેલનગર સહિતની દુકાનોમાં સરકાર સડેલુ અનાજ આપી રહી છે : ધારાસભ્ય ડો.દર્શિતા શાહ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત સરકારે મંત્રી મંડળ વિસ્તરણ કર્યાના ગણતરીના દિવસોમાં જ રાજકોટ ભાજપના મહિલા ધારાસભ્યએ સરકાર સામે બાંયો ચડાવી કહ્યુ છે કે સરકાર રેલનગર સહિતની દુકાનોમાં સડેલુ અનાજ આપી રહી છે. આજે શનિવારે કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં મળેલી પુરવઠા સલાહકાર સમિતિની બેઠકમાં ભાજપના ધારાસભ્ય ડો. દર્શિતા શાહે સરકાર સામે બાંયો ચડાવી લાલ આંખ કરી હતી અને શહેરના રેલનગર સહિતની અનેક રેશનીંગની દુકાનોમાંથી ગરીબ લાભાર્થીઓને સડેલુ અને અખાદ્ય અનાજ મળતુ હોવાની જિલ્લા કલેકટરને ગંભીર ફરીયાદ કરી હતી. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ બેઠકમાં સાંસદ રામભાઈ મોકરીયા અને ચેમ્બરના પ્રતિનિધી રાજુ ઝુંઝા એ સડેલા અનાજનો મુદ્દો ઉઠાવ્યો હતો. જિલ્લા કલેકટરે આ પ્રશ્ને પુરવઠા વિભાગને ચેકીંગ કરવા સુચના આપી હતી. દરમિયાન આજની બેઠકમાં હાજર રહેલા ચેમ્બરના પ્રતિનિધિ જુથ-એ તહેવારો ટાંણે જ એક સપ્તાહ કરતા વધુ સમયથી સળગતી સર્વર ની સમસ્યાનો પ્રશ્ન ઉપસ્થિત કરી આ પ્રશ્નને નિવારવા જિલ્લા વાઈઝ સોફટવેર બનાવવા સુચન કર્યુ હતું. તેમજ વૃધ્ધ રેશનકાર્ડ ધારકોના અંગુઠા મેચ થતા ન હોય તેવો અનાજ થી વંચિત રહે છે. આથી આ બાબતે છુટછાટ આપવા અને ખરેખર જરૂરીયાતમંદ લોકોને એપીએલ/બીપીએલ કાર્ડ આપવા પણ કલેકટરને રજુઆત કરાઈ હતી. જયારે શહેરની ૨૬૪ પૈકી ૧૩૩ દુકાનોમાં હજુ ઝોનલ દ્વારા તપાસ કરાઈ ન હોય આ બાબતે પણ પ્રતિનિધિઓએ કલેકટરનુ ધ્યાન દોર્યુ હતું. રાજકોટ જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશની અધ્યક્ષતામાં આજે શનિવારે રાજકોટ શહેર / જિલ્લા નાગરીક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તેમજ પીએમ પોષણ યોજના અંગેની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં કલેકટર ડો. ઓમપ્રકાશે વિવિધ કામગીરીઓ સંદર્ભે સંબંધિત અધિકારીઓને જરૂરી સુચનાઓ આપી હતી. બેઠક દરમિયાન કલેકટરે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ અંત્યોદય રાશનકાર્ડ અને અગ્રતા ધરાવતા કુટુંબોને આવશ્યક ચીજ વસ્તુઓ ઘઉં, ચોખા, બાજરી ના વિતરણ, વન નેશન વન રાશનકાર્ડ યોજના અંતર્ગત થયેલી કામગીરી, તાલુકાપ્રમાણે વ્યાજબી ભાવની દુકાનોની સંખ્યા અને તેની તપાસ, એનએફએસએ હેઠળ ઈ કે વાયસીની કામગીરી, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસણી, સીઝર વ્યાજબી ભાવની દુકાનો સહિતની બાબતોની વિગતવાર સમિક્ષા કરી હતી.

આ બેઠકમાં ભાજપ ધારાસભ્ય દર્શિતાબેન શાહે સડેલા અનાજના મુદ્દે ફરી ઉગ્ર રજુઆત કરી હતી. તેમણે કલેકટરને જણાવ્યુ હતુ કે અગાઉ પણ અનેક વખત સડેલા અનાજ અંગે રજુઆત કરવામાં આવી છે. પરંતુ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. હજુ પણ ગણી બધી સરકારી સસ્તા અનાજની દુકાનોમાં સડેલુ અનાજ અને હલકી કક્ષાનુ અનાજ મળી રહી રહ્યુ છે. અધિકારીઓ માત્ર તપાસનુ નાટક જ કરે છે. તેમણે રજુઆતની ગંભીરતા લઈ તાત્કાલીક સંસ્થાઓ, દુકાનો અને અન્ય વિતરણ કેન્દ્રોની ચકાસણી હાથ ધરવામાં આવે તેવી માંગણી કરી હતી. તેમજ વારંવાર સર્વર ડાઉન થવાના મુદ્દે પણ બેઠકમાં ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. જો કે અધિકારીઓ દ્વારા આ અંગે હાથ ઉંચા કરી દેવામાં આવ્યા હતા અને સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આ પ્રશ્ન ગાંધીનગર સ્તરેથી આનુ નિરાકરણ સ્થાનિક (લોકલ ) લેવલથી કોઈપણ સંજોગોમાં આવી શકે નહી.

# રામોલમાં ATM કાર્ડ બદલીને ૪૦ હજાર વિડ્રો કરી લેનારો રીઢો ચોર ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

બેંકના ATM સેન્ટરમાં રૂપિયા ઉપાડવા જતા લોકોને ટાર્ગેટ કરીને વિશ્વાસ કેળવીને તેમની પાસેથી ATM કાર્ડ અને પીન નંબર મેળવી લઈને અન્ય બેંકનું ATM પધરાવી દઈ રૂપિયા ઉપાડી લીધા હોવાના અઢળક બનાવો નોંધાયા છે ત્યારે ગત મહિને સાંજે રામોલ સૂરેલિયા ચાર રસ્તા નજીકના મોલમાં એક્સિસ બેંકના એટીએમ સેન્ટરમાં રૂપિયા ઉપાડવા ગયેલા વૃદ્ધને મદદ કરવાના બહાને તેમની પાસેથી ગઠિયાએ એટીએમ કાર્ડ લઈ લીધુ અને પાસવર્ડ જાણી લીધા બાદ વૃદ્ધની નજર ચૂકવીને અન્ય બેંકનું એટીએમ આપીને વૃદ્ધના ખાતામાંથી રૂ.40 હજાર ઉપાડી લીધા હતા. આ મામલે રામોલ પોલીસે 14થી વધુ ગુનામાં અગાઉ ઝડપાઈ ચૂકેલા રીઢા આરોપીની ધરપકડ કરી છે.

વસ્ત્રાલ આરટીઓ રોડ નજીક રહેતા રાજેશકુમાર જૈન (ઉં.54) સ્કૂલમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત 5 સપ્ટેમ્બરે સાંજે રાજેશભાઈ સૂરેલિયા ચાર રસ્તા નજીક સ્વસ્તિક મોલમાં આવેલા એટીએમમાં રૂપિયા ઉપાડવા ગયા હતા. આ સમયે તેમની પાછળ અજાણ્યો વ્યક્તિ આવીને ઊભો રહ્યો અને કાકા તમારું એટીએમ આપો હું તમને પૈસા ઉપાડવામાં મદદ કરી આપું તેમ કહેતા રાજેશભાઈને વિશ્વાસ લઈ તેમનુ એટીએમ કાર્ડ અને પાસવર્ડ માગ્યો બાદમાં તમારા એટીએમમાંથી રૂપિયા ઉપડતા નથી કહીને આરોપીએ રાજેશભાઈની નજર ચૂકવીને એટીએમ કાર્ડ બદલી અન્ય બેંકનું કાર્ડ આપી દીધું હતું. થોડે દૂર ગયા બાદ રાજેશભાઈના મોબાઈલ ફોનમાં રૂ.40 હજાર વિડ્રો થયાનો મેસેજ આવતા તેમની પાસે રહેલું એટીએમ કાર્ડ જોતા તે બદલાઈ ગયેલું હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ રાજેશભાઈએ રામોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે રીઢા આરોપી નાગજી પ્રભાતભાઈ રબારીની ધરપકડ કરી છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ**

**બે લોડિંગ લાઈનની જોગવાઈ કરવાના સંબંધમાં 25 kv AC OHE ના વિવિધ કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. ઈએલ/સી/એડીઆઈ/ટીઆરડી/૪૬આર/૨૦૨૫-૨૬

**કામનું નામ તેના સ્થળ સહિત:** સોનાસણ - 825X25 m એપ્રોચ રોડના દ્વિપ PF અને અન્ય ગુડ્ઝ શેડ સુવિધાઓ સહિત લાઈન નં. ૧ ના DE (HMT છેડે) નું વિસ્તરણ કરવા દ્વારા બે લોડિંગ લાઈનની જોગવાઈ કરવાના સંબંધમાં 25 kv AC OHE ની ડિઝાઈન, આપૂર્તિ, પરીક્ષણ અને કમીશનીંગ અને અન્ય સહાયક કામ.

**કામની અંદાજિત પડતર:** ₹ ૧,૫૮,૧૬,૫૧૦/-

**જમા કરાવવાની અર્નેસ્ટ મની :** IREPS પોર્ટલ પર ઉલ્લેખિત થયા મુજબ

**બીડ જમા કરાવવાની અને ખુલવાની તારીખ અને સમય :** IREPS પોર્ટલ પર ઉલ્લેખિત થયા મુજબ

**ટેન્ડર ફી :** IREPS પોર્ટલ પર ઉલ્લેખિત થયા મુજબ

**પૂર્ણ કરવાનો સમયગાળો :** ૧૨ મહિના

**વેબસાઈટ વિગત અને નોટીસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું:** નોટીસ બોર્ડ અને ડેપ્યુ. ચીફ ઈલેક્ટ્રિકલ એન્જીનિયર (બાંધકામ) ની ઓફિસ, પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન, અસારવા, અમદાવાદ (ગુજરાત-૩૮૨૩૪૫)

**વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

CPM-072

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


# દિવાળીને લઈને અમદાવાદ મેટ્રોના સમયમાં ફેરફાર: સમયમાં ત્રણ કલાકનો ઘટાડો કરવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ



દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિવાળીના દિવસે ફટાકડાના વધુ પડતા ઉપયોગથી મેટ્રો ટ્રેનને સંભવિત નુકસાન ન થાય તે માટે આ વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, દિવાળીના પર્વે (૨૦મી ઓક્ટોબર) તમામ સ્ટેશનો પરથી ઓપરેટ થતી મેટ્રો ટ્રેનના સમયમાં ત્રણ કલાકનો ઘટાડો કરવામાં આવ્યો છે. દિવાળીને લઈને અમદાવાદ મેટ્રોના સમયમાં ફેરફાર, સમયમાં ત્રણ કલાકનો ઘટાડો કર્યો. મેટ્રો ટ્રેનનું સમયપત્રક

વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ: છેલ્લી મેટ્રો ટ્રેન સાંજે ૭:૦૫ વાગ્યે ઉપડશે.થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ, APMCથી મોટેરા: છેલ્લી મેટ્રો ટ્રેન સાંજે ૭:૧૦ વાગ્યે ઉપડશે.

APMCથી સચિવાલય અને સચિવાલયથી APMC: છેલ્લી ટ્રેન સાંજે ૬:૨૪ કલાકે ઉપડશે.

ગિફ્ટ સિટીથી APMC: છેલ્લી ટ્રેન સાંજે ૬:૧૮ કલાકે ઉપડશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ રાજ્યના વિકાસનું પ્રતીક બનીને ઉભર્યો છે. ગુજરાત મેટ્રોની સફર વર્ષ ૨૦૨૫માં નવા આયામો સર કરી રહી છે. શરૂઆતમાં જ્યાં દિવસના સરેરાશ ૩૫ હજાર મુસાફરો મુસાફરી કરતા હતા, તે આંકડો આજે વધીને ૧.૫ લાખ સુધી પહોંચ્યો છે. અત્યાર સુધીમાં મેટ્રોમાં કુલ ૧૦.૩૮ કરોડ નાગરિકોએ મુસાફરી કરી છે, જે તેની લોકપ્રિયતા દર્શાવે છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનએ ૯૯.૮૪ ટકા સમયસર સેવા આપીને મુસાફરોનો વિશ્વાસ જીત્યો છે.

### મજરા ગામે બે જુથો વચ્ચે ની અથડામણમાં પ્રેમલગ્ન અને મંદિર વહિવટની જુની અદાવતમાં ઘર્ષણ

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ગામે ગુરૂવારની મોડી રાત્રે બે જુથો વચ્ચે ફાટી નિકળેલા તોફાનો : ૧૦૦ થી વધુ વાહનોમાં તોડફોડ-આગચંપી




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આજે ધનતેરસથી દિવાળીની શરૂઆત થઈ રહી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ગામમાં બે જુથો વચ્ચેની અથડામણની ગંભીર ઘટના બનવા પામી હતી. ગુરૂવારે મોડી રાત્રે મજરા ગામમાં બે જુથ વચ્ચે તીવ્ર અથડામણ થતા ગામનુ વાતાવરણ તણાવગ્રસ્ત બની જવા પામ્યુ હતું.

મળતી માહિતી અનુસાર આ ઘટના ગામમાં ગુરૂવારની મોડી રાત્રે બે જુથો વચ્ચે પથ્થરમારો અને તોડફોડ ની ઘટના બની હતી.બે જુથોએ એક બીજાના મકાન અને વાહનો પર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી અને આગ પણ લગાડી દીધી હતી. જેમાં કેટલાક લોકોને ગંભીર ઈજાઓ પહોચી હતી. જો કે પોલીસે તાત્કાલીક ઘટનાસ્થળે પહોચી મામલો થાળે પાડી દીધો હતો. જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ગામના મંદિરને લઈને થયેલી તકરાર ઉગ્ર બનતા સામ સામે પથ્થરમારો થયો હતો. જેમાં ૭ થી ૮ લોકોને ઈજા પહોચી હતી. આ અથડામણમાં કુલ ૧૦૦ જેટલા વાહનોને આગ લગાડવામાં આવી હતી. કેટલાક મકાનોના બારી બારણાંના કાચ સહિત અન્ય વસ્તુઓને પણ નુકશાન કરવામાં આવ્યુ હતું. એક કારને સળગાવી દેવાની ઘટના પર બનવા પામી હતી.

ડીવાયએસપી અતુલ કે પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે પોલીસે ૬૦ વ્યકિતઓ સામે નામજોગ સહિત ૧૨૦ વિરૂધ્ધ ગુન્હો દાખલ કર્યો છે. જુની અદાવતમાં બબાલ થઈ હતી. આ જુથ અથડામણમાં ૧૦ થી વધુ લોકોને ઈજા થઈ છે. ૨૦ થી વધુ વ્યકિતઓને રાઉન્ડઅપ કરવામાં આવ્યા છે. મજરા ગામે મોડી રાત્રે બે જુથ વચ્ચે થયેલી હિંસક અથડામણનો મામલો વધુ સ્પષ્ટ થયો છે. ગામમાં આવેલા ભૈરવ મંદિરના વહિવટની જુની અદાવત અને સરપંચને લગતા વિવાદોમાંથી આ ઘર્ષણ સર્જાયુ હોવાનુ પોલીસ ની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે. દિવાળીના તહેવારને લઈને ૩ દિવસ માટે મંદિરના ચોકમાં ગરબાનુ આયોજન થવાનુ હતુ પરંતુ તે અગાઉ જ ગામમાં બે જુથ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ભારે જુથ અથડામણ થઈ હતી. ઘટનાની જાણ થતાં જ મોડી રાત્રે જિલ્લા પોલીસવડા સહિતના ઉચ્ચ અધિકારીઓ મજરા ગામે દોડી આવ્યા હતા.

બે જુથ સામ સામે આવી જતા પહેલા ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્યારબાદ પરીસ્થિતિ વણસી ગઈ હતી. અસામાજિક તત્વોએ લાકડીઓ વડે માર મારી ત્યારબાદ ભારે પથ્થરમારો કર્યો હતો અને અનેક વાહનોમાં આગચંપી અને તોડફોડ કરી હતી. હિંસામાં ૨૬ કાર, ૫૦ થી વધુ બાઈક, ૬ ટેમ્પો અને ૩ ટ્રેકટરમાં નુકશાન પહોચાડવામાં આવ્યુ હતું.

# બિહાર વિધાનસભાના ચુંટણી સ્ટાર પ્રચારકોમાં કોંગ્રેસની યાદીમાં ગુજરાતના જિગ્નેશ મેવાણીની એન્ટ્રી




પ્રતિનિધિ,ગાંધીનગર

બિહાર વિધાનસભા ચુંટણી માટે પ્રચારકોની શરૂઆત થઈ ચુકી છે ત્યારે કોંગ્રેસ પાર્ટીએ પ્રથમ તબકકાના પ્રચાર માટે તેમના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. જેમાં ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીને સ્ટાર પ્રચારકોની યાદીમાં સમાવેશ કરી ચુંટણી પ્રચાર માટે મોકલ્યા છે. આ યાદીમાં પાર્ટીના ટોચના નેતાઓથી લઈને કોંગ્રેસ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ અને સ્થાનિક નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેઓ બિહાર પાર્ટી માટે પ્રચારની જવાબદારી સંભાળશે. સ્ટાર પ્રચારકોની યાદીમાં દિગ્ગજોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે , સાંસદ અને લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધી, સોનીયા ગાંધી અને પ્રિયંકા વાડ્રા જેવા મુખ્ય ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત કોંગ્રેસ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ જેવા કે સુખવિંદરસિંહ સુખુ (હિમાચલ) અશોક ગહેલોત (રાજસ્થાન) અને ભુપેશ બધેલ (છત્તીસગઢ) ને પણ પ્રચાર માટે ચુંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. આ યાદીમાં પુર્ણિયાના અપક્ષ સાંસદ પપ્પુ યાદવને પણ સ્થાન આપવામાં આવ્યુ છે.યુવા નેતાઓમાં કનૈયા કુમાર, સચિન પાયલોટ અને ધારાસભ્ય જિગ્નેશ મેવાણીનો સમાવેશ થાય છે. અન્ય મહત્વના નામોમાં દિગવિજયસિંહ, અધિર રંજન ચૌધરી, મીરા કુમાર અને ચરણજીતસિંહ ચન્ની નો સમાવેશ થાય છે. બિહાર વિધાનસભાની ચુંટણીઓ બે તબકકામાં (છઠ્ઠી નવેમ્બર અને ૧૧ મી નવેમ્બર) યોજાવવાની છે. જો કે મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીનો મુદ્દો હજુ પણ વણ ઉકેલ્યો છે.

રાહુલ ગાંધીની તાજેતરની મતદાર અધિકાર યાત્રા બાદ કોંગ્રેસ પાર્ટીની તાકાત વધી હોવાનુ માનતા પાર્ટી વધુ બેઠકો પર ચુંટણી લડવા માંગે છે. જો કે આર જે ડી કોંગ્રેસની આ માંગ થી સહમત નથી. જેના કારણે ઘણી બેઠકો પર મૈત્રીપૂર્ણ લડાઈ થવાની સંભાવના છે. મહત્વની વાત એ છે કે કોંગ્રેસ અને આરજેડીએ વૈશાલીમાં બે બેઠકો માટે પહેલાથી જ પોતાના ઉમેદવારો નામાંકીત કરી દીધા છે. આ ગઠબંધનના ભવિષ્ય અંગે ચર્ચા કરવા માટે કોંગ્રેસ પાર્ટીની એક મહત્વપૂર્ણ બેઠક શનિવારે પટનામાં યોજાવવાની છે.

# નવા મંત્રીઓને સ્વર્ણિમ સંકુલ-૧ માં ચેમ્બરો ફાળવવામાં આવી : જીતુ વાઘાણી, કુંવરજી બાવળીયા, અર્જુન મોઢવાડીયા અને પ્રદ્યુમન વાજા ને ચેમ્બરો ફાળવાઈ



### અંગત સચિવો અને નાયબ અંગત સચિવો સહિત કુલ-૭૦ અધિકારીઓના મંત્રીઓના કાર્યાલયે બેસવા સામાન્ય વહિવટ વિભાગ દ્વારા ઓર્ડરો કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગઈ કાલે શુક્રવારે સવારે શપથવિધી, બપોરે ખાતાઓની ફાળવણી કરાયા બાદ તમામ મંત્રીઓને શુક્રવારે મોડી સાંજે ચેમ્બરોની ફાળવણી પણ કરી દેવામાં આવી હતી. ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગના નાયબ સચિવ (સંકલન) જી બી ઝાલાએ આ સંદર્ભમાં એક નોટીફીકેશન બહાર પાડીને કયા મંત્રીને કયાં ચેમ્બર ફાળવવામાં આવી છે. તેની જાહેરાત કરી હતી. સૌરાષ્ટ્રમાંથી મંત્રી પદ મેળવનાર ને કયા ચેમ્બરમાં ફાળવવામાં આવી છે તેની વાત કરીએ તો જીતુભાઈ સવજીભાઈ વાઘાણી, કુંવરજીભાઈ મોહનભાઈ બાવળીયા, અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા અને ડો. પ્રદ્યુમન ગનુભાઈ વાજા ને સ્વર્ણિમ સંકુલ-૧ માં ચેમ્બરો ફાળવવામાં આવી છે. આ તમામ કેબિનેટ કક્ષાના મંત્રીઓને મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી જયાં બેસશે તે સંકુલમાં ચેમ્બરો ફાળવવામાં આવી છે. જો કે મુખ્યમંત્રીનુ કાર્યાલય ત્રીજા અને ચોથા માળે રાખવામાં આવ્યુ છે. નાયબ મુખ્યમંત્રી બીજા માળે બેસશે અને અન્ય કેબિનેટ મંત્રીઓ પણ પ્રથમ અને બીજા માળે બેસશે, સૌરાષ્ટ્રમાંથી મંત્રી બનનાર અને રાજય કક્ષાના મંત્રી તરીકે શપથ લેનાર પરશોત્તમ સોલંકી, કાંતીલાલ અમૃતીયા, ત્રિકમ છાંગા,રીવાબા જાડેજા, કૌશિકભાઈ વેકરીયાને સ્વર્ણિમ સંકુલ-૨ માં ચેમ્બરો ફાળવવામાં આવી છે. નવનિયુકત કેબિનેટ મંત્રીઓ , રાજય કક્ષાના મંત્રીઓ અને સ્વતંત્ર હવાલો ધરાવતા રાજય કક્ષાના મંત્રીઓને ચેમ્બરોની ફાળવણી કરી દેવામાં આવી છે. રાજય કક્ષાના મંત્રીમાં જેમને સ્વતંત્ર હવાલો સોંપવામાં આવ્યો છે તેમને પણ સ્વર્ણિમ સંકુલ-૨ માં જ ચેમ્બર ફાળવવામાં આવી છે. સંકુલ-૧ માં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રીઓને ચેમ્બર ફાળવવામાં આવી છે. ચેમ્બરોની ફાળવણી પુરી થયા બાદ હવે મંત્રીઓ પોતાની અનુકુળતા મુજબ ચેમ્બરનો હવાલો સંભાળશે અને કામગીરી શરૂ કરશે. દરેક મંત્રીને એક અંગત સચિવ અને એક નાયબ અંગત સચિવ મળી રહે તે માટે ૭૦ અધિકારીઓના ઓર્ડર કરી દેવામાં આવ્યા છે. ઉપ સેકશન ઓફીસરોને અંગત સચિવ તરીકેની અને ઉપ નાયબ સેકશન ઓફીસરોને નાયબ અંગત મદદનીશ તરીકેની જવાબદારી વચગાળાની વ્યવસ્થા તરીકે સોંપવામાં આવી છે. માત્ર ૨ મહિના માટે આ નિમણુંક કરવામાં આવી છે અને જો તે અગાઉ કોઈ મંત્રી આ માટેની વ્યવસ્થા કરી લેશે તો બે મહિના પહેલા જ જે તે અધિકારીની નિમણુંક પરત ખેંચાશે, જે ૭૦ અધિકારીઓના ઓર્ડર કરવામાં આવ્યા છે તે તમામને આજે શનિવારે સવારે સચિવાલયમાં મીટીંગ યોજીને ખાસ તાલીમ પણ આપવામાં આવી હતી.

# દાખલ દર્દી દાઝી ગયુ: ૩ દિવસ બાદ પણ સીવીલ હોસ્પીટલ તંત્રને ખબર નથી કે આગ કઈ રીતે લાગી



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ સીવીલ હોસ્પીટલ માં દાખલ દર્દી દાઝી ગયેલ, જે બનાવ પહેલા તો છુપાવવાનો પ્રયાસ થયો , જો કે પ્રકરણ બહાર આવતા ચર્ચા શરૂ થઈ ગઈ હતી. જો કે આ બનાવના ૩ દિવસ બાદ પણ સીવીલ હોસ્પીટલ તંત્રને ખબર નથી કે આગ કઈ રીતે લાગી,

મળતી માહિતી પ્રમાણે ગુરૂવારે વહેલી સવારે રાજકોટ સીવીલ હોસ્પીટલના ટી બી વોર્ડમાં વેન્ટીલેટર ઉપર રહેલા એક વૃધ્ધ દર્દી મહંમદ હુસેન અલ્લારખાભાઈ પંજા (ઉ.વ.૬૫) રહે. માંગરોળ, જિલ્લો જુનાગઢ, ની દાઢી સળગી ગઈ હતી. મોઢાના ભાગે દાઝી ગયા હતા. વોર્ડમાં દાખલ દર્દીઓમાં દેકારો મચી ગયો હતો. પ્રથમ એવી ચર્ચા થઈ હતી કે વેન્ટીલેટરમાંથી ધુમાડો નિકળ્યો હતો. ટીબી વોર્ડમાં દોડધામ મચી ગઈ હતી. સીકયુરીટી સ્ટાફ દોડી ગયો હતો. આગ વધુ લાગી ન હતી, એટલે તુરંત સ્થિતિ કાબુ પર આવી ગઈ હતી. ચહેરા પર દાઝેલને બર્ન્સ વોર્ડમાં લઈ ગયા હતા. સારવાર અપાઈ હતી. આ અંગે સીવીલ હોસ્પીટલના અધિક્ષક ડો. મોનાલી માકડીયાએ જણાવ્યુ હતુ કે વેન્ટીલેટરમાં આગ નથી લાગી, વેન્ટીલેટર ચાલુ હાલતમાં જ છે. જેની તપાસ પણ થઈ ગઈ છે, હાલ ૪ લોકોની કમિટી એ તપાસ કરી રહી છે કે દર્દી દાઝયુ છે તો એ કઈ રીતે દાઝી ગયુ છે. ઉલ્લેખનીય છે કે આ બનાવ ઉપર ઢાંક પીછોડો કરવા પ્રયત્ન થયો હતો. સીવીલ હોસ્પીટલના જવાબદાર ડોકટર દ્વારા આ બનાવ અંગે પોલીસને જાણ કરી નથી. જો કે આની તપાસમાં જો કોઈ વ્યકિત ઓટલા પરથી પડી ગયુ હોય તો પણ સીવીલ હોસ્પીટલના ડોકટર દ્વારા એમએલસી કેસ કરી પોલીસને જાણ કરવામાં આવે છે. આ બનાવમાં પોલીસને જાણ કેમ કરવામાં ન આવી તે એક મોટો સવાલ ઉઠવા પામ્યો છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારના મંત્રીઓને ખાતાઓની ફાળવણી કરવામાં આવી



પ્રતિનિધિ,ગાંધીનગર

(૧) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ
સામાન્ય વહિવટ ,વહિવટી સુધારણા, તાલીમ અને આયોજન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, મહેસુલ, અને આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન અને પાટનગર યોજના, નર્મદા અને કલ્પસર, ખાણ અને ખનીજ, બંદરો, માહિતી અને પ્રસારણ, તમામ નિતિ વિષિયક બાબતો અને અન્ય મંત્રીઓને ન ફાળવેલ વિભાગો.

(૨) હર્ષ રમેશકુમાર સંઘવી
નાયબ મુખ્યમંત્રી
ગૃહ અને પોલીસ હાઉસિંગ, જેલ, નાગરીક સંરક્ષણ, ગૃહ રક્ષકદળ અને ગ્રામ રક્ષકદળ, સરહદી સુરક્ષા, નશાબંધી અને આબકારી, વાહન વ્યવહાર, કાયદો અને ન્યાયતંત્ર, રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનુ સંકલન, ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો, મીઠા ઉદ્યોગ, છાપકાપ અને લેખન સામગ્રી, પ્રવાસન, અને યાત્રાધામ વિકાસ, નાગરીક ઉડ્ડયન

(૩) કનુભાઈ મોહનલાલ દેસાઈ
નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ,

(૪) જીતુભાઈ સવજીભાઈ વાઘાણી
કૃષિ અને ખેડુત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ , પ્રોટોકોલ

(૫) ઋષીકેશભાઈ ગણેશભાઈ પટેલ
ઉર્જા અને પેટ્રો કેમીકલ્સ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને વૈદ્યાનિક, સંસદીય બાબતો,

(૬) કુંવરજીભાઈ મોહનભાઈ બાવળીયા
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ

(૭) નરેશભાઈ મગનભાઈ પટેલ
આદિજાતિ વિકાસ, કુટીર, ખાદી અને ગ્રામદ્યોગ

(૮) અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા
વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક

(૯) ડો. પ્રદ્યુમનભાઈ ગુણાભાઈ વાજા
સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ

(૧૦) રમણભાઈ ભીખાભાઈ સોલંકી
અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો

રાજય કક્ષાના મંત્રીઓ

(૧૧) ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ
જળ સંપત્તિ, પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો)

(૧૨) પ્રફુલ્લભાઈ છગનભાઈ પાનસેરીયા
આરોગ્ય, પરીવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, (સ્વતંત્ર હવાલો), પ્રોટોકોલ

(૧૩) ડો. શ્રીમતી મનિષા રાજીવભાઈ વકીલ
મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજિક ન્યાય અને અધિકારીતા

(૧૪) પરશોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી
મત્સ્યોદ્યોગ

(૧૫) કાંતીલાલ શીવલાલ અમૃતીયા
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર

(૧૬) રમેશભાઈ ભુરાભાઈ કટારા
કૃષિ અને ખેડુત કલ્યાણ, સહકાર, પશુપાલન અને ગૌસંવર્ધન

(૧૭) દર્શનાબેન મુકેશભાઈ વાઘેલા
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ

(૧૮) કૌશિકભાઈ કાંતીભાઈ વેકરીયા
કાયદો અને ન્યાયતંત્ર , ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ, વૈદ્યાનિક અને સંસદીય બાબતો

(૧૯) પ્રવિણકુમાર ગોરધનભાઈ માળી
વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વાહન વ્યવહાર

(૨૦) ડો. જયરામભાઈ ચેમાભાઈ ગામીત
રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનુ સંકલન, ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકાપ અને લેખન સામગ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરીક ઉડ્ડયન

(૨૧) ત્રિકમભાઈ બીજલભાઈ છાંગા
ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ

(૨૨) કમલેશભાઈ રમેશભાઈ પટેલ
નાણાં , પોલીસ હાઉસિંગ, જેલ,નાગરીક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, સરહદી સુરક્ષા, નશાબંધી અને આબકારી

(૨૩) સંજયસિંહ વિજયસિંહ મહિડા
મહેસુલ અને આપત્તિ વ્યવસ્થાપન, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ

(૨૪) પુનમચંદ છનાભાઈ બરંડા
આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરીક પુરવઠા, ગ્રાહકોની બાબતો

(૨૫) સ્વરૂપજી સરદારજી ઠાકોર
ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ

(૨૬) શ્રીમતી રીવાબા રવિન્દ્રસિંહ જાડેજા
પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ

# સુરતમાં ધનતેરસના દિવસે જ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી: ગરમી બાદ જોરદાર પવન સાથે વરસાદ તુટી પડયો




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

દિવાળીના પર્વના તહેવારોના માહોલ વચ્ચે સુરતના હવામાનમાં અચાનક મોટો ભારે પલ્ટો જોવા મળ્યો હતો. ધનતેરસની સાંજે સુરત શહેરભરમાં અનુભવાતા ભારે બફારા અને ગરમીથી લોકો પરેશાન હતા ત્યારે આકાશમાં ઘેરાયેલા વાદળો વચ્ચે જોરદાર વરસાદ શરૂ થયો હતો. વેસુ સહિતના ઘણા વિસ્તારોમાં પવનના સુસવાટા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમીથી રાહત મળી હતી. જો કે શહેરના કેટલાક વિસ્તારોમાં માત્ર ઝરમર ઝરમર વરસાદ પણ નોંધાયો હતો. સુરતની ધમધમતી બજારમાં આ અણધાર્યા વરસાદને કારણે ધનતેરસની ખરીદીમાં થોડો વિધ્ન પણ પડયુ હતું.

હવામાન વિભાગે ગુજરાતના હવામાનને લઈને આગામી દિવસો માટે મહત્વની આગાહી કરી છે. વિભાગના જણાવ્યા અનુસાર આગામી તા.૨૦, ૨૧ અને ૨૨ તારીખે પણ રાજયમાં હળવાથી મધ્યમ વરસાદની શકયતા છે. આ વરસાદની સૌથી વધુ સંભાવના દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં રહેશે. આગામી ૭ દિવસ દરમિયાન રાજયભરના મહત્તમ અને ન્યુનત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી. હવામાન વિભાગના મતે રાજયમાં હાલ પવનની દિશા ઉત્તર-પૂર્વ થી પૂર્વ તરફની છે. અમદાવાદના હવામાનની વાત કરીએ તો અમદાવાદમાં આગામી દિવસોમાં વાદળછાયુ વાતાવરણ રહેશે.

અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૩ ડીગ્રીની આસપાસ રહેવાની શકયતા છે. આમ દિવાળીના તહેવારોની શરૂઆતમાં જ રાજયના કેટલાક ભાગોમાં વરસાદી માહોલ રહેવાની સંભાવના છે. જેના કારણે લોકોને આયોજનમાં સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવે છે.

# હર્ષ સંઘવીએ નાયબ મુખ્યમંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો: ૧૨:૩૯ કલાકે હર્ષ સંઘવીએ ચાર્જ સંભાળ્યો



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતના રાજકારણમાં ગઈ કાલે મહત્વનો દિવસ હતો કારણ કે રાજયના નવનિયુકત નાયબ મુખ્યમંત્રી તરીકે હર્ષ સંઘવીએ સહિતના મંત્રીઓએ પોતાના કાર્યાલયમાં વિધીવત પ્રવેશ કર્યો અને કાર્યભાર સંભાળ્યો હતો. આજે શનિવારે બપોરે ૧૨:૩૯ કલાકે નાયબ મુખ્યમંત્રી તરીકે પદનો પદ સત્તાવાર રીતે સંભાળ્યો હતો. કાર્યાલયને ખાસ રીતે શણગારવામાં આવ્યુ હતું. જયાં ધાર્મિકવિધી અનુસાર પુજન કરવામાં આવ્યુ હતું. હર્ષ સંઘવીએ આ પ્રસંગે ભગવાનની આરાધના કરીને સમગ્ર ગુજરાતના લોકોના સુખ, શાંતિ અને સમૃધ્ધિ માટે પ્રાર્થના પણ કરી હતી. કાર્યાલયમાં ઉપસ્થિત રહેલા અધિકારીઓ અને સમર્થકોની ઉપસ્થિતિમાં શાંતિપૂર્ણ માહોલમાં કાર્યભાર લીધો હતો. સંઘવીએ કહ્યુ હતુ કે મને જે વિભાગો ફાળવાયા છે તેની કાર્યભાર સંભાળ્યા પછી હર્ષ સંઘવીએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે મને જે વિભાગો ફાળવાયા છે તેની કામગીરીનુ હું નિરીક્ષણ કરીશ અને નિયમિત રીતે અધિકારીઓ સાથે બેઠકો યોજીશ, જેથી કામગીરીમાં ઝડપ અને પારદર્શિતા લાવી શકાય, નવી આશાઓ જગાઈ, હર્ષ સંઘવીની રાજકીય છબી એક યુવા, દ્રઢ અને લોકોના પ્રશ્નો માટે લડતા નેતા તરીકે જામી છે. નાયબ મુખ્યમંત્રી તરીકે તેમની નિમણુંકથી રાજકીય વર્તુળોમાં નવી આશાઓ જગાઈ છે. હવે લોકો આશા રાખી રહ્યા છે કે હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ રાજયમાં યુવાનો, ઉદ્યોગ, સુરક્ષા અને સંચાલનમાં નવા આયામો ઉમેરાશે.

# ST વિભાગના તમામ કર્મચારીઓને ૧૦,૦૦૦ તહેવાર પેશગી એડવાન્સ આપશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

નાયબ મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળતાની સાથે જ હર્ષ સંઘવીએ તેમના હસ્તકના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે સતત બેઠકો યોજી કામગીરીની સમીક્ષા શરૂ કરી છે. ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના ઉચ્ચ અધિકારીઓ સાથેની પ્રથમ બેઠકમાં તેમણે નિગમના કર્મચારીઓના હિતમાં મહત્વનો નિર્ણય લીધો છે. દિવાળી તહેવારની એક્સ્ટ્રા બસ સંચાલનના મોનીટરીંગ માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે સાંજે ૭.૩૦ વાગ્યે અમદાવાદ ગીતા મંદિર બસ સ્ટેશનની મુલાકાત લેશે. રાજ્યમાં નાગરિકોને સમયસર પરિવહન સેવા પૂરી પાડવા માટે રાતદિવસ કાર્યરત ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ૩૬,૦૦૦થી વધુ કર્મચારીઓ માટે નાયબ મુખ્યમંત્રીએ તહેવારમાં બોનસની રકમમાં બમણો વધારો કરવાની જાહેરાત કરી છે. અગાઉ માત્ર ફિક્સ પગારધારક કર્મચારીઓને જ ૫,૦૦૦ સુધી તહેવાર બોનસ મળતું હતું. હવે નિગમના તમામ કર્મચારીઓને ૧૦,૦૦૦ તહેવારના બોનસ તરીકે આપવામાં આવશે. આ નિર્ણયથી હજારો પરિવારોને સીધો લાભ મળશે અને તહેવારોની ઉજવણી વધુ સુખદ રીતે ઉજવી શકશે.Dy. CMએ રાજ્યની તમામ આરટીઓ કચેરીઓ અને એસ.ટી. બસ સ્ટેશનોમાં સ્વચ્છતા અને જળ બચાવો ઝુંબેશ ચલાવવાનો પણ નિર્ણય કર્યો છે.